પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ

Date:- 08-11-2026 I VOL : 12 I Issue : 234 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 
સત્યમેવ જયતે: ખોરજની 100 કરોડની જમીન કૌભાંડમાં પોલીસ તંત્ર અને ભ્રષ્ટ...

4 

દિવાળી પર ઓનલાઈન શોપિંગની ઘેલછા વચ્ચે સાયબર...

6 
કોર્ટની ફટકાર બાદ નોરા ફતેહીએ જુબાની આપી, ઠગ સુકેશ સાથે માત્ર કોલ...

7 
મોહમ્મદ શમીનો મોટો નિર્ણય: ટેસ્ટ ક્રિકેટને કહ્યું અલવિદા

એક નજર...

તારા સુતારિયાનો ગોલ્ડન સિક્વન્સ આઉટફિટમાં રોયલ અવતાર



બોલિવૂડ એક્ટ્રેસ તારા સુતારિયા આજે બી ટાઉનમાં જાણીતું નામ બની ગઈ છે. 'સ્ટુડન્ટ ઓફ ધ યર 2'થી ફિલ્મી દુનિયામાં એન્ટ્રી કરનાર આ અભિનેત્રીને આજે કોઈ ઓળખની જરૂર નથી. હવે તાજેતરમાં, તારા સુતારિયાએ તેના સોશિયલ મીડિયા પર તેની કેટલીક હોટ અને બોલ્ડ તસવીરો શેર કરી છે, જેને ચાહકો ખૂબ પસંદ કરી રહ્યા છે.

NEWS TRACK

ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાં ભારતીયો સાથે દિવાળી ઉજવી: ઓવલ ઓફિસમાં દીવો પ્રગટાવ્યો

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે વ્હાઇટ હાઉસમાં દિવાળી ઉજવી. આ દરમિયાન તેમણે ભારતીય મૂળના અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ સાથે ઓવલ ઓફિસમાં દીવો પ્રગટાવ્યો. આ પ્રસંગે તેમને હનુમાન ચાલીસાની એક નકલ પણ ભેટ આપવામાં આવી. આ પ્રસંગે તેમના વહીવટીતંત્રમાં સામેલ ભારતીય મૂળના અધિકારીઓ, ઉદ્યોગપતિઓ અને મોટી કંપનીઓના CEO હાજર રહ્યા. સમારોહમાં અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રા અને જાણીતા શેફ વિકાસ ખન્ના પણ સામેલ થયા. ભારતીય ઉદ્યોગપતિઓએ ટ્રમ્પ માટે 'જુગ-જુગ જીઓ'નો સંદેશ આપ્યો અને ભારત-અમેરિકાની મિત્રતા વધુ મજબૂત બને તેવી શુભેચ્છા વ્યક્ત કરી. ઓવલ ઓફિસમાં યોજાયેલા આ કાર્યક્રમમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો અને સોશિયલ સિક્યોરિટી એડમિનિસ્ટ્રેશનના ડેપ્યુટી કમિશનર અર્જુન મોદી પણ હાજર હતા. ભારતમાં અમેરિકાના રાજદૂત વિનય મોહન ક્વાત્રા, માઇક્રોન ટેક્નોલોજીના CEO સંજય મેહરોત્રા અને જાણીતા શેફ વિકાસ ખન્ના પણ સમારંભમાં સામેલ થયા હતા.

ન્યૂઝીલેન્ડમાં મતદાન પૂર્ણ, શરુઆતી પરિણામોમાં PM લક્સન આગળ:વિપક્ષી લેબર પાર્ટી પાછળ

ન્યૂઝીલેન્ડમાં સામાન્ય ચૂંટણી માટેનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. અલ જઝીરા મુજબ, પ્રારંભિક પરિણામોમાં વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સનની સત્તાધારી નેશનલ પાર્ટીને 31.19% મત મળ્યા છે. જ્યારે વિપક્ષી લેબર પાર્ટી 28.35% મતો સાથે બીજા સ્થાને છે. ચૂંટણી પંચ શનિવાર રાત સુધીમાં 95% મતદાન મથકોના શરુઆતી પરિણામો જાહેર કરશે. વિદેશમાં રહેતા ન્યૂઝીલેન્ડના નાગરિકોના મતોની ગણતરી બાદ 27 નવેમ્બરે અંતિમ પરિણામો આવવાની અપેક્ષા છે. આ ચૂંટણીમાં મોંઘવારી, બેરોજગારી અને નબળી અર્થવ્યવસ્થા મોટા મુદ્દા રહ્યા. ન્યૂઝીલેન્ડની સંસદમાં કુલ 120 બેઠકો છે અને બહુમતી માટે 61 બેઠકોની જરૂર પડે છે. શરુઆતી વલણોમાં કોઈપણ મોટા પક્ષને સ્પષ્ટ બહુમતી મળતી દેખાઈ રહી નથી. આવી સ્થિતિમાં નાની પાર્ટીઓ નક્કી કરી શકે છે કે આગામી સરકાર કોની બનશે. ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સન બીજી વખત સરકાર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

'E20 પેટ્રોલ એટલે 420', 31% ઈથેનોલ ભેળવાતું હોવાનો દાવો, રાહુલ ગાંધીના મોદી સરકાર પર સવાલ!

હવે જનતાની ગાડીઓમાંથી પેટ્રોલની ચોરી: E20 પેટ્રોલમાં 31.2% સુધી ઇથેનોલ: રાહુલ

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર પેટ્રોલ પ્રીમિયમના નામે છેતરપિંડીનો ગંભીર આરોપ લગાવ્યો છે. કર્ણાટકમાં થયેલી તપાસમાં 14માંથી 11 પેટ્રોલ નમૂનાઓમાં 20%થી વધુ ઈથેનોલ હોવાનું સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, ગ્રાહકોને આર્થિક નુકસાન થાય છે અને વાહનોને પણ ખતરો છે. રાહુલ ગાંધીએ આ મામલે સરકાર પાસે સ્પષ્ટતા માંગી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પેટ્રોલ પ્રીમિયમની કિંમત વસૂલીને તેમાં નિર્ધારિત મર્યાદા કરતાં વધુ પ્રમાણમાં ઈથેનોલ ભેળવવામાં આવતું હોવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે કેન્દ્ર સરકારને આ મામલે સ્પષ્ટતા કરવા અને સવાલોના જવાબ આપવા માંગ કરી છે. કર્ણાટક સરકાર દ્વારા સાત જિલ્લાઓમાંથી પેટ્રોલના નમૂના લઈને માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળામાં તપાસ કરાવવામાં આવી હતી. રાહુલ ગાંધીના જણાવ્યા મુજબ, 'આ તપાસમાં 14માંથી 11 નમૂનાઓમાં ઈથેનોલનું પ્રમાણ 20 ટકાથી વધુ હોવાનું બહાર આવ્યું છે. સરકારી અને



ખાનગી કંપનીઓ જેવા કે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન(IOCL)ના નમૂનામાં 31.2 ટકા અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન(HPCL)ના નમૂનામાં 30.5 ટકા સુધી ઈથેનોલ મળી આવ્યું છે. રાહુલ ગાંધીએ આ આરોપને 'E20 બન્યું 420' ગણાવતાં કહ્યું કે, 'ગ્રાહકો પેટ્રોલના પૂરા પૈસા ચૂકવે છે પરંતુ તેમની ગાડીઓની ટાંકીમાં વધુ પડતું ઈથેનોલ ભરવામાં આવે છે. મોટાભાગના વાહનો આટલી મોટી માત્રામાં ઈથેનોલ વાપરવા માટે સક્ષમ નથી હોતા, જેના કારણે ગાડીઓનું માઈલેજ ઘટી જાય છે અને વારંવાર રિપેરિંગ કરાવવાની સ્થિતિ ઊભી થાય છે. તેમજ પેટ્રોલ પંપો પર ગ્રાહકોને આ અંગે કોઈ જ સ્પષ્ટ માહિતી કે વિકલ્પ આપવામાં આવતો નથી.' આ મામલે પીએમ મોદીની સરકાર પર નિશાન સાધતા રાહુલ ગાંધીએ પૂછ્યું છે કે, 'દેશના વાહનોની ટાંકીઓમાં આખરે શું ભરાઈ રહ્યું છે અને મર્યાદા કરતાં વધુ ઈથેનોલ ભેળવતી કંપનીઓ સામે ક્યારે પગલાં લેવામાં આવશે?' તેમણે સરકારની આ નીતિઓથી કોને ફાયદો થઈ રહ્યો છે તે અંગે સવાલો ઉઠાવીને ચર્ચા માટે પણ પડકાર ફેંક્યો છે.

અયોધ્યામાં 30 લાખ દીવા પ્રગટાવવામાં આવ્યા

ઉપરાષ્ટ્રપતિ-CM યોગી સહિત અનેક મંત્રીઓ હાજર

અયોધ્યા

અયોધ્યામાં આજે 10મો દીપોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. અહીં સરયુ નદીના કિનારે આવેલા 56 ઘાટો પર 30 લાખ દીવા પ્રગટાવવામાં આવ્યા. રામ કી પૈડી અને સરયુ ઘાટ પર લેસર શો દ્વારા રામાયણ દર્શાવવામાં આવ્યું. આ પહેલાં અયોધ્યામાં લગભગ 3 કલાક સુધી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તેમાં 21 ઝાંખીઓ સામેલ હતી. તેમાં રામાયણના 7 કાંડોને દર્શાવવામાં આવ્યા હતા. દીપોત્સવ જોવા માટે મુંબઈ, ગુજરાત અને બિહાર સહિત દેશભરમાંથી લોકો પહોંચ્યા છે. અયોધ્યામાં 7 નવેમ્બર 2026 ના રોજ 10 માં ભવ્ય દીપોત્સવનો પ્રારંભ થયો. સરયુ નદીના 56 ઘાટો પર 30 લાખ દીવા પ્રગટાવાયા, જેથી રામ કી પૈડી અને સમગ્ર નગરી ઝગમગી ઉઠી. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન,



રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ઉપસ્થિતિમાં આ અલૌકિક ઉત્સવ ઉજવાયો. દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા, અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી. અયોધ્યામાં દીપોત્સવના આયોજનને ધ્યાનમાં રાખીને સુરક્ષાના અત્યંત કડક બંદોબસ્ત કરવામાં આવ્યા છે. સમગ્ર આયોજન ક્ષેત્રને 20 ઝોન અને 53 સેક્ટરમાં વહેંચવામાં આવ્યું છે. સુરક્ષા માટે આશરે 6,000 પોલીસકર્મીઓ, PAC ની 9 કંપનીઓ, RAF ની 3 કંપનીઓ તેમજ ATS ની કમાન્ડો ટીમો તૈનાત કરવામાં આવી છે. સરયુ નદી પર NDRF અને SDRF ની ટીમો પણ તૈનાત છે.

ભાજપે જન્મદિવસ પર જ મને મારવાનું કાવતરું ઘડ્યું: અભિષેક

'પોલીસ જોતી રહી ને હથિયારધારીઓ ઘૂસી ગયા':અભિષેક બેનર્જી પર જીવલેણ હુમલો

નવી દિલ્હી

TMC સાંસદ અભિષેક બેનર્જીએ ભાજપ સમર્થકો પર શુક્રવાર મોડી રાત્રે લગભગ 2 વાગ્યે તેમના ઘરે હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે X પર વીડિયો શેર કરીને દાવો કર્યો કે તેમના જન્મદિવસે કેટલાક લોકો હથિયારો લઈને ઘરમાં ઘૂસી આવ્યા અને પથ્થરો ફેંક્યા. તેમણે આ ઘટનાને જાનથી મારી નાખવાનું કાવતરું ગણાવીને આરોપીઓની ધરપકડની માગ કરી. ઘટના બાદ અભિષેક સમર્થકો સાથે કોલકાતાના પોતાના ઘરની બહાર ધરણા પર બેસી ગયા. આ દરમિયાન BJP અને TMC સમર્થકો વચ્ચે અથડામણ થઈ, જેમાં મહિલાઓ સહિત અનેક લોકો ઘાયલ થયાના અહેવાલ છે. પોલીસે સ્થળે પહોંચીને બેરિકેડિંગ કર્યું અને વધારાના દળો તહેનાત કર્યા. બંગાળ વિધાનસભા ચૂંટણી બાદ છેલ્લા પાંચ મહિનામાં અભિષેક પર હુમલાની આ ત્રીજી ઘટના છે.

લૉરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલા ગેંગસ્ટર હેરી બોક્સર ઝડપાયો

કેલિફોર્નિયા

લૉરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલા ગેંગસ્ટર હેરી બોક્સરને અમેરિકામાં કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. અમેરિકન એજન્સી ICEએ તેને કેલિફોર્નિયામાં કસ્ટડીમાં લીધો છે. હેરી બોક્સર અમેરિકામાં રહીને ગેંગની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો હતો. તેના વિરુદ્ધ હત્યા અને ખંડણી સહિતના અનેક ગંભીર કેસ નોંધાયેલા છે. હેરીએ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના ઘરની બહાર થયેલા ગોળીબારની જવાબદારી લીધી હતી. આ ઉપરાંત હેરી પર સલમાન ખાન અને કપિલ શર્મા સહિત અન્ય બોલિવૂડ હસ્તીઓને ધમકી આપવાનો પણ આરોપ છે. આ પહેલાં ગેંગસ્ટર હિમાંશુ ભાઉ અને નીરજ ફરીદપુરિયાને પણ અમેરિકામાં કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. આ બંને ભારતના અનેક ગુનાહિત કેસોમાં વોન્ટેડ છે. હેરી બોક્સર પર બોલિવૂડ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા અનેક લોકોને ધમકી આપવાનો આરોપ છે. તેમાં મુખ્ય નામ 'ધુરંધર' એક્ટર રણવીર સિંહનું છે

પુસ્તક રિલીઝ પહેલાં સોનિયા ગાંધીનો ભાજપ સરકાર પર પ્રહાર

12 વર્ષનું નુકસાન ભરપાઈ કરવામાં સમય લાગશે: કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી

નવી દિલ્હી

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. 'ધ હિન્દુ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે જણાવ્યું કે છેલ્લા 12 વર્ષમાં દેશની લોકશાહી વ્યવસ્થા, સામાજિક માળખા અને બંધારણીય સંસ્થાઓને ભારે નુકસાન થયું છે. જોકે, હવે સામાન્ય લોકોને પણ આ નુકસાનનો અહેસાસ થવા લાગ્યો છે. સરકાર બદલાયા બાદ પણ લોકશાહી સંસ્થાઓને મજબૂત બનાવવામાં સમય લાગશે તેમ તેમણે ઉમેર્યું. કોંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ કેન્દ્રની ભાજપ



સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે છેલ્લાં 12 વર્ષમાં દેશની લોકશાહી વ્યવસ્થા, સામાજિક માળખા અને બંધારણીય સંસ્થાઓને ભારે નુકસાન થયું છે. જોકે, હવે સામાન્ય લોકોને પણ આ નુકસાનનો અહેસાસ થવા લાગ્યો છે અને વર્તમાન સ્થિતિને લઈને તેમનામાં બેચેની વધી રહી છે. સોનિયા ગાંધીએ આશા વ્યક્ત કરી કે સરકાર બદલાયા બાદ દેશમાં સુશાસનની વાપસી થશે, પરંતુ લોકશાહી સંસ્થાઓને ફરી મજબૂત બનાવવામાં સમય લાગશે. આ માટે તમામ રાજકીય પક્ષોએ સામૂહિક પ્રયાસો કરવા પડશે. સોનિયા ગાંધીએ અંગ્રેજી અખબાર 'ધ હિન્દુ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં આ વાતો કહી હતી. તેમની આગામી પુસ્તક 'Belonging: A Journey of Love'ના પ્રકાશન પહેલાં આ ઈન્ટરવ્યૂ સામે આવ્યો છે.

હરિયાણા-ટેક મહિન્દ્રાના એશિયા હેડની 9 ગોળીઓ મારીને હત્યા

ફરીદાબાદ

હરિયાણાના ફરીદાબાદમાં ટેક મહિન્દ્રા કંપનીના એશિયા હેડ પરમજીત ધનખડની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. આરોપ છે કે સેક્ટર-21Cમાં પડોશી મોનુ શર્માએ પોતાની લાઇસન્સવાળી પિસ્તોલથી તેમના પર આશરે 15 રાઉન્ડ ફાયરિંગ કર્યું. પરમજીતને 9 ગોળીઓ વાગી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું. પોલીસની તપાસ મુજબ, મોનુનો પુત્ર પાર્કિંગમાં પોતાના કૂતરાને શૌચ કરાવતો હતો. પરમજીતનો પરિવાર તેનો વિરોધ કરી રહ્યો હતો. શુક્રવારે રાત્રે પણ પાર્કિંગમાં ગાડી ઊભી રાખવા બાબતે પરમજીત અને મોનુ વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ મોનુએ ગોળીબાર કર્યો. પરમજીત બિલ્ડિંગ નંબર-641ના પહેલા માળે રહેતા હતા. આરોપી મોનુ આ જ બિલ્ડિંગમાં ત્રીજા માળે રહે છે. ઘટનાના બાદ પોલીસે ઘટનાસ્થળને સીલ કરી દીધું છે. પરમજીતના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં રાખવામાં આવ્યો છે.

13 હજાર ફૂટની ઊંચાઈએ ઉતર્યું વાયુસેનાનું વિશાળ વિમાન, ચીનની સરહદ નજીક રચાયો ઇતિહાસ

જમ્મુ

ભારતીય વાયુસેનાએ લદ્દાખમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. વાયુસેનાના IL-76MD વિમાને આશરે 13 હજાર ફૂટની ઊંચાઈ પર આવેલા ન્યોમાં એરબેઝ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું છે. વાયુસેનાના જણાવ્યા પ્રમાણે, દુનિયાભરમાં આ પ્રકારના વિમાન દ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલું સૌથી વધુ ઊંચાઈનું લેન્ડિંગ છે.

ન્યોમાં એરબેઝ સમુદ્ર સપાટીથી આશરે 13 હજાર ફુરની ઊંચાઈએ આવેલું છે અને ચીન સાથેની વાસ્તવિક-નિયંત્રણ રેખા (LAC) થી માત્ર 25 કિલોમીટર દૂર છે. સરહદી વિસ્તારમાં સૈન્યની ગતિવિધિઓ માટે આ એરબેઝ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે. વાયુસેનાએ આ લેન્ડિંગને ઔતિહાસિક સિદ્ધિ ગણાવી છે. આ સફળતા દર્શાવે છે કે મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓ અને અત્યંત ઊંચાઈવાળા વિસ્તારોમાં પણ IL-76MD વિમાન કામગીરી કરી શકે છે. પહેલી વખત આટલી ઊંચાઈએ ઉતર્યું. IL-76MD વિમાન વાયુસેનાએ સોશિયલ મીડિયા પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ભારતીય વાયુસેનના IL-76MD વિમાને ન્યોમાં એરબેઝ પર સફળ લેન્ડિંગ કરીને ઇતિહાસ રચ્યો છે. દુનિયાભરમાં આ વિમાન દ્વારા કરવામાં આવેલું અત્યાર સુધીનું આ સૌથી વધુ ઊંચાઈ પરનું લેન્ડિંગ છે. વાયુસેનાએ વધુમાં જણાવ્યું હતુ કે આ સિદ્ધિ માત્ર વિમાનની ક્ષમતા જ નહીં, પરંતુ તેને ઉડાવનારા પાઈલટ્સ અને સમગ્ર ક્રૂની કુશળતા, ચોકસાઈ તથા અનુભવને પણ દર્શાવે છે.



ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

10 હજાર દીવડાથી અક્ષરધામ ઝળહળી ઉઠ્યું:8થી 15 નવેમ્બર સુધી દીપોત્સવનું આયોજન

ગાંધીનગર

દિવાળીના પર્વને આધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને ભવ્ય રોશનીના સંગમ સાથે ઉજવવા માટે ગાંધીનગરના સ્વામિનારાયણ અક્ષરધામમાં 'પ્રકાશનું પર્વ - દીપાવલી'નું આયોજન કરવામાં આવ્યું છે. 8 નવેમ્બરથી 15 નવેમ્બર દરમિયાન યોજાનારા આ દીપોત્સવમાં મંદિર પરિસર 10 હજાર દીવડાઓના ઝળહળતા પ્રકાશથી શણગારવામાં આવશે. આ ઉપરાંત વિશાળ ઉપવનોને ગ્લો ગાર્ડન તરીકે સજાવવામાં આવ્યા છે, જ્યારે સમગ્ર પરિસરમાં ઇલેક્ટ્રોનિક રોશનીનાં સુંદર તોરણો આ વર્ષની નવી વિશેષતા બની રહેશે.

અક્ષરધામના સ્વયંસેવક ડો. જયેશ માંડણકાના જણાવ્યા અનુસાર, ભારતીય સંસ્કૃતિમાં દિવાળી સૌથી મોટા અને મહત્ત્વના તહેવારોમાંનો એક છે. લોકો આખું વર્ષ આ પર્વની રાહ જોતા હોય છે. ત્યારે દિવાળીની ઉજવણી માટે સ્વામિનારાયણ અક્ષરધામ એક વિશિષ્ટ સ્થળ બની રહ્યું છે. છેલ્લા 34 વર્ષથી અક્ષરધામમાં દીપોત્સવની પરંપરા જળવાઈ રહી છે. દર વર્ષે 10 હજાર દીવડાઓના શણગાર સાથે હજારો શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ અહીં આવીને આધ્યાત્મિક વાતાવરણનો અનુભવ કરે છે.

ગોધરામાં દિવાળી ખરીદી વધતાં પાર્કિંગની મુશ્કેલી સર્જાઈ:બગીચા ગાર્ડન રોડ સહિતના બજારોમાં ટ્રાફિકની સમસ્યા

પંચમહાલ

દિવાળીના તહેવારો નજીક આવતાં જ પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના મુખ્ય બજારોમાં ખરીદી માટે નાગરિકોની ભારે ભીડ જામી રહી છે. બજારોમાં પાર્કિંગ માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ ન હોવાના કારણે વાહનચાલકો તેમજ સ્થાનિક વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બગીચા ગાર્ડન રોડ સહિતના મુખ્ય વેપારી વિસ્તારોમાં સુવ્યવસ્થિત પાર્કિંગની વ્યવસ્થા ન હોવાથી વાહનચાલકો મજબૂરીવશ રસ્તા પર જ પોતાના વાહનો પાર્ક કરવા માટે મજબૂર બન્યા છે. રસ્તા પર બેફામ વાહનો પાર્ક થવાના કારણે બજારોમાં કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. આ ઉપરાંત અસ્તવ્યસ્ત પાર્કિંગના કારણે કેટલાક વાહનચાલકોને પોલીસ તંત્ર દ્વારા દંડ પણ ભરવો પડી રહ્યો હોવાની ફરિયાદો ઉઠી છે. આ પરિસ્થિતિના કારણે બજારમાં ખરીદી કરવા આવતા ગ્રાહકો અને વેપાર કરતા સ્થાનિક દુકાનદારો બંને ભારે પરેશાની ભોગવી રહ્યા છે અને ટ્રાફિકનું સુચારુ સંચાલન થાય તેવી માંગ ઉઠી છે. મુશ્કેલીના કાયમી ઉકેલ માટે સ્થાનિક વેપારી મોહિતભાઈએ બંધ પડેલા જૂના બસ સ્ટેન્ડના ખુલ્લા મેદાનને દિવાળીના તહેવારો પૂરતું કામચલાઉ પાર્કિંગ માટે ફાળવવાની વહીવટી તંત્ર સમક્ષ માંગ કરી છે. તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તો ગોધરા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી ખરીદી અર્થે આવતા લોકો શાંતિથી ખરીદી કરી શકશે અને વેપારીઓને પણ ટ્રાફિકમાંથી મોટી રાહત મળશે.

પોક્સો કેસમાં સાવકા પિતાને 20 વર્ષની કેદ:6 વર્ષની દીકરી ઉપર જાતીય હુમલો, ફરિયાદી માતા અને પીડિતા બંને કોર્ટ સમક્ષ ફરી ગયા

અમદાવાદ

અમદાવાદના કૃષ્ણનગર પોલીસ મથકે 43 વર્ષીય આરોપી સામે ચાલુ વર્ષે BNS અને પોક્સો એક્ટ અંતર્ગત ગુન્હો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ સીટી સેશન્સ કોર્ટ ખાતે આવેલી પોક્સોની વિશેષ અદાલતમાં ચાલી જતા જજ એ.બી.ભટ્ટે સરકારી વકીલ કે.જી.જૈનની દલીલો, 07 સાહેદ અને 27 પુરાવા ધ્યાને લઈને આરોપીને આરોપીને 20 વર્ષ કેદની સજા ફટકારી છે.

કેસને વિગતે જોતા પીડિતાની માતાના જણાવ્યા મુજબ, 22 માર્ચ, 2026 ના રોજ બપોરે આશરે અઢી વાગ્યે જ્યારે તે ગેલેરીમાં કપડાં સૂકવતી હતી, ત્યારે બેડરૂમમાંથી પુત્રીની મમ્મી મમ્મીની ચીસો સંભળાઈ હતી. બેડરૂમમાં જઈને જોતાં આરોપી જે પીડિતાના સાવકા પિતા છે, તે માત્ર ટી-શર્ટ પહેરેલી હાલતમાં બેડ પર બાળકીને પકડી રાખેલી સ્થિતિમાં જોવા મળ્યો હતો. બાળકીએ રડતાં રડતાં જણાવ્યું કે તેના પિતાએ તેના કપડાં ઉતારી જાતીય અડપલાં કરી, દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો.

ફરિયાદીએ 181 મહિલા અભયમ હેલ્પલાઈન અને 112 પર કૉલ કર્યો હતો. જેના આધારે પોલીસ વાન આવી અને કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ઘટના સમયે પીડિતાની ઉમર 6 વર્ષ અને 10 મહિનાની હતી. ટ્રાયલ દરમિયાન પીડિતા અને તેની માતા બંને પોતાના મૂળ નિવેદનથી ફરી ગયા હતા. માતાએ દાવો કર્યો કે પતિ-પત્ની વચ્ચે ઘરગથ્થુ ઝઘડો અને મારપીટ થતી હતી અને તે બાબતે જ હેલ્પલાઈન બોલાવાઈ હતી. બાળકીએ પણ માત્ર માતા-પિતા વચ્ચેના ઝઘડાની વાત કરી હતી.

રાજકોટમાં ઘરેથી વેફર લેવા નીકળેલી બાળકીની છેડતી: બાઈકસવાર 40 વર્ષના ઢગાએ કર્યા અડપલા

રાજકોટ

રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં 10 વર્ષની તરુણી સાથે એક અજાણ્યા શખ્સે શારીરિક અડપલાં કર્યા હોવાની ઘટના સામે આવી છે. આ મામલે ભોગ બનનાર બાળકીના પરિવારજનોએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાં નોંધાયેલ ફરિયાદ મુજબ બાળકી રાત્રે પોતાના ઘર નજીક આવેલી નાસ્તાની દુકાને વેફર ખરીદવા માટે નીકળી હતી એ પછી બાળકી જ્યારે વેફર લઈને દુકાનની બહાર નીકળી ત્યારે બાઈક પર સવાર થઈને આવેલા એક અજાણ્યા શખ્સે તેની પાસે આવીને બાઈક ઊભું રાખી દીધું હતું અને બાળકીને રોકી વાતો કરવા લાગ્યો હતો ત્યારબાદ તેની છેડતી કરવાનું શરૂ કર્યું હતું. નરાધમ શખ્સે બાળકીને ઊભી રાખી સૌપ્રથમ 'તારી કેટલી ઉંમર છે' તેમ પૂછ્યુ હતું. એટલું જ નહીં, તેણે બાળકી સાથે વાતચીત કરતા કરતા 'ગ્રીનલેન્ડ ચોકડી પાસે એક સ્પા છે, ત્યાં ગર્લ્સ અને બોયઝ આવે છે' તેવી અશોભનીય વાતો પણ કરી હતી. વાતોના બહાને બાળકીનો હાથ પકડી લીધો હતો અને તેની સાથે જાહેરમાં જ શારીરિક અડપલાં કરવા લાગ્યો હતો.

જૈન સમાજમાં ભારે રોષ

સાગરચંદ્ર સાગર સાથે જોડાયેલા વિવાદે મધ્યપ્રદેશથી ગુજરાત સુધી ખળભળાટ મચાવ્યો!



મંદસોરથી પાલિતાણા સુધી ચર્ચાનો વિષય બનેલો વિવાદ: કથિત ડિજિટલ પુરાવાઓની ફોરેન્સિક તપાસ, ટ્રસ્ટના આર્થિક વ્યવહારોનું ઓડિટ અને નિષ્પક્ષ તપાસની માગ તેજ બની

મંદસોર/પાલિતાણા

ભગવાન મહાવીર સ્વામીના અહિંસા, અપરિગ્રહ, ત્યાગ અને સંયમના સિદ્ધાંતો પર આધારિત જૈન ધર્મની પવિત્ર પરંપરા સાથે જોડાયેલા એક વિવાદે હાલ જૈન સમાજમાં ભારે ચર્ચા અને ચિંતાનું વાતાવરણ ઊભું કર્યું છે. સાગરચંદ્ર સાગર સાથે સંકળાયેલા આ વિવાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી કથિત વોટ્સએપ ચેટ્સ, ઓડિયો રેકોર્ડિંગ્સ અને તસવીરોને લઈને અનેક સવાલો ઊભા થયા છે. મધ્યપ્રદેશના મંદસોરથી લઈને ગુજરાતના પાલિતાણા સુધી આ મામલે ચર્ચાઓ થઈ રહી છે. સમાજના વિવિધ વર્ગોમાંથી સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ કરવાની માગ ઉઠી રહી છે. હવે સવાલ એ છે કે વાયરલ થઈ રહેલી સામગ્રી પાછળનું સત્ય શું છે અને આ સમગ્ર વિવાદમાં ખરેખર કોની ભૂમિકા છે?

1. વાયરલ ચેટ્સ અને ઓડિયો રેકોર્ડિંગ્સની સત્યતા શું? ફોરેન્સિક તપાસની માગ

સોશિયલ મીડિયા પર પ્રસારિત થઈ રહેલી કથિત વોટ્સએપ ચેટ્સ, ઓડિયો રેકોર્ડિંગ્સ અને તસવીરોને કારણે ગંભીર ચર્ચા શરૂ થઈ છે. આ સામગ્રીમાં સાધ્વીઓ તથા મહિલાઓ સાથેના કથિત અનૈતિક સંબંધો અંગે આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. જોકે, વાયરલ થયેલી આ સામગ્રીની સત્યતા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. તેથી તેની વિશ્વસનીયતા ચકાસવી અત્યંત જરૂરી છે. સમાજના જાગૃત વર્ગની માગ છે કે તમામ ડિજિટલ પુરાવાઓની નિષ્ણાત ફોરેન્સિક એજન્સી મારફતે તપાસ કરવામાં આવે. ચેટ્સ, ઓડિયો અને તસવીરોમાં કોઈ ફેરફાર કે છેડછાડ કરવામાં આવી છે કે કેમ તેની પણ તપાસ થવી જોઈએ. જો આક્ષેપો ખોટા સાબિત થાય તો સત્ય જાહેર કરવામાં આવે અને જો કોઈની સંડોવણી સાબિત થાય તો કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે. સાથે જ આ સમગ્ર પ્રક્રિયામાં મહિલાઓની ગરિમા, ગોપનીયતા અને સન્માન જળવાય તે પણ એટલું જ જરૂરી છે.

2. કરોડોના દાનનો હિસાબ ક્યાં? ટ્રસ્ટના આર્થિક વ્યવહારોની તપાસની માગ

આ વિવાદ હવે માત્ર વ્યક્તિગત આક્ષેપો પૂરતો મર્યાદિત રહ્યો નથી. ધાર્મિક સંસ્થાઓ અને ટ્રસ્ટોને શ્રદ્ધાળુઓ દ્વારા આપવામાં આવતા દાન તથા તેના ઉપયોગ અંગે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. ટ્રસ્ટીઓ, સંચાલકો અને મીડિયા સંકલનકાર અભય ચોપરા સહિત સંબંધિત વ્યક્તિઓની ભૂમિકાની પારદર્શક તપાસ કરવાની માગ કરવામાં આવી રહી છે. જોકે, કોઈપણ વ્યક્તિ સામેના આક્ષેપોને તપાસ વિના સાબિત હકીકત ગણી શકાય નહીં. જૈન સમાજના જાગૃત વર્ગની માગ છે કે ધાર્મિક સંસ્થાઓને મળતા દાનનો ઉપયોગ કયા હેતુ માટે થયો, નાણાકીય વ્યવહારો કેવી રીતે થયા અને ટ્રસ્ટના હિસાબો નિયમો અનુસાર રાખવામાં આવ્યા છે કે નહીં તેની સ્વતંત્ર એજન્સી દ્વારા તપાસ કરવામાં આવે. શ્રદ્ધાળુઓના દાનનો એક-એક રૂપિયો પારદર્શક રીતે વપરાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત ટ્રસ્ટના સંચાલકોની છે.

3. વિવાદ વચ્ચે ધાર્મિક પ્રવચનોનું આયોજન: શ્રદ્ધાળુઓમાં નારાજગી

મંદસોરમાં આ વિવાદ વચ્ચે પણ સાગરચંદ્ર સાગરના જાહેર પ્રવચનો યોજાઈ રહ્યા હોવાના અહેવાલોને પગલે સમાજના કેટલાક વર્ગોમાં નારાજગી જોવા મળી રહી છે. જાગૃત શ્રદ્ધાળુઓ દ્વારા સમગ્ર પ્રકરણની સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી આવા ધાર્મિક કાર્યક્રમોનો બહિષ્કાર કરવાની માગ કરવામાં આવી રહી છે. સમાજના લોકોનું કહેવું છે કે ધાર્મિક પદ અને પ્રતિષ્ઠા કરતાં સત્ય, સંયમ અને નૈતિક મૂલ્યો વધુ મહત્ત્વના છે. તેથી આક્ષેપોની નિષ્પક્ષ તપાસ થાય અને હકીકત સામે આવે તે જરૂરી છે.

હવે સત્ય બહાર આવવું જ જોઈએ!

જૈન ધર્મની ઓળખ અહિંસા, ત્યાગ, તપસ્યા, અપરિગ્રહ અને સંયમના ઉચ્ચ આદર્શોથી છે. આવી પવિત્ર પરંપરા સાથે જોડાયેલા કોઈપણ વિવાદને હળવાશથી લઈ શકાય નહીં.

આસ્થા સાથે જોડાયેલા પ્રશ્નો હોય ત્યારે માત્ર આક્ષેપો કે સોશિયલ મીડિયા પર વાયરલ થતી સામગ્રીના આધારે કોઈને દોષિત ઠેરવવું યોગ્ય નથી. પરંતુ આક્ષેપો ગંભીર હોય ત્યારે તેની નિષ્પક્ષ તપાસ કરાવવી પણ એટલી જ જરૂરી છે.

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરનો સ્પષ્ટ સવાલ છે કે શ્રદ્ધાળુઓની આસ્થા, ધાર્મિક સંસ્થાઓની પારદર્શિતા અને સમાજના વિશ્વાસની જવાબદારી કોણ નિભાવશે? જૈન સમાજને અફવાઓ નહીં, પરંતુ સત્ય જોઈએ છે. આરોપ-પ્રત્યારોપ નહીં, પરંતુ નિષ્પક્ષ તપાસ જોઈએ છે. અને જો કોઈ દોષિત સાબિત થાય તો તેને કોઈપણ પ્રકારની શેહશરમ વિના કાયદા મુજબ સજા મળવી જોઈએ. હવે સમગ્ર સમાજની નજર તપાસ અને સત્તાવાર ખુલાસા પર ટકેલી છે.

જૈન સમાજની મુખ્ય માગણીઓ

નિષ્પક્ષ તપાસ: સમગ્ર પ્રકરણની સ્વતંત્ર અને તટસ્થ એજન્સી દ્વારા સમયમર્યાદામાં તપાસ કરવામાં આવે.
ફોરેન્સિક તપાસ: વાયરલ થઈ રહેલી તમામ કથિત ચેટ્સ, ઓડિયો રેકોર્ડિંગ્સ અને તસવીરોની વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવે.
ટ્રસ્ટનું ઓડિટ: ધાર્મિક સંસ્થાઓને મળેલા દાન અને તેના ખર્ચનો પારદર્શક હિસાબ જાહેર કરવામાં આવે.
મહિલાઓનું સન્માન: આ સમગ્ર પ્રકરણમાં સંકળાયેલી મહિલાઓની ગોપનીયતા અને ગરિમાનું રક્ષણ કરવામાં આવે.
કાયદેસરની કાર્યવાહી: તપાસમાં જેની પણ સંડોવણી સાબિત થાય તેની સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે.

વન વિભાગના દરોડાથી તસ્કરોમાં ફફડાટ

નવસારીના ચીખલીમાં ખેરના લાકડાની ગેરકાયદે હેરાફેરી ઝડપાઈ: 2 ટેમ્પો સાથે 2.35 લાખનો મુદ્દામાલ જપ્ત

નવસારી

નવસારી જિલ્લાના ચીખલી પંથકમાં વન વિભાગે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરતા લાકડા તસ્કરો સામે લાલ આંખ કરી મોટી સફળતા મેળવી છે. ચીખલી વિસ્તારમાંથી કિંમતી એવા ખેરના લાકડાની ગેરકાયદે હેરાફેરી થઈ રહી હોવાની ચોક્કસ બાતમીના આધારે વન વિભાગની ટીમે દરોડો પાડીને બે ટેમ્પો ભરીને લઈ જવાતો ખેરના લાકડાનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ. ૨.૩૫ લાખની કિંમતનું ખેરનું લાકડું તથા હેરાફેરીમાં વપરાયેલા વાહનો જપ્ત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મિલેલી માહિતી મુજબ, ચીખલી વન વિભાગની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે કેટલાક ભૂમાફિયા અને લાકડા તસ્કરો પરવાનગી વગર ગેરકાયદેસર રીતે કિંમતી ખેરના



લાકડાનો જથ્થો ટેમ્પોમાં ભરીને અન્યત્ર પહોંચાડવાની ફિરાકમાં છે. આ બાતમીના આધારે વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમે તાત્કાલિક વોચ ગોઠવી હતી. શંકાસ્પદ હાલતમાં પસાર થતા બે ટેમ્પોને અટકાવીને તલાશી લેતાં તેમાંથી ગેરકાયદેસર રીતે ભરેલો ખેરના લાકડાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. તપાસ દરમિયાન વાહન ચાલકો કે સવાર વ્યક્તિઓ પાસે લાકડાની એરફેર માટેના કોઈ વૈધ પાસ-પરમિટ કે કાગળો મળી આવ્યા નહોતા. વન વિભાગે તુરંત જ બે ટેમ્પો સહિત આશરે રૂ. ૨.૩૫ લાખની બજારકિંમત ધરાવતું ખેરનું લાકડું જપ્ત કરી લીધું હતું. કિંમતી વનસંપદાની ચોરી અને ગેરકાયદેસર હેરાફેરીના આ કારસામાં સંડોવાયેલા ઈસમો સામે વન સંરક્ષણ કાયદા હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ ધમધમાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ખેરનું લાકડું અત્યંત કિંમતી ગણાય છે અને તેનો ઉપયોગ કાથો બનાવવા સહિતની વિવિધ ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં થતો હોવાથી તસ્કરો તેની ગેરકાયદે કાપણી અને તસ્કરી કરતા હોય છે. ચીખલીમાં વન વિભાગના આ ધાકડ દરોડાથી ગેરકાયદેસર લાકડાનો વેપાર કરતા માફિયાઓ અને તસ્કરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

તંત્ર સામે રોષનો જ્વાળામુખી ફાટ્યો!

સુરેન્દ્રનગરમાં લાખો-કરોડોના ખર્ચે બનતો 'આઈકોનિક રોડ' બન્યો મુસીબતનો દરવાજો

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર શહેરમાં વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને વિકાસના દાવાઓની પોલ ખોલતી એક અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે. શહેરના પ્રથમ મહત્વાકાંક્ષી એવા ૬૦ ફૂટ આઈકોનિક રોડનું નિર્માણ કાર્ય લાંબા સમયથી એટલે કે એક વર્ષ કરતાં વધુ સમય વીતી જવા છતાં હજુ સુધી અધૂરું જ પડ્યું છે. કરોડો રૂપિયાના ખર્ચે બનતા આ મહત્વપૂર્ણ માર્ગનું કામ ગોકળગાયની એ ચાલી રહ્યું હોવાને કારણે સ્થાનિક વેપારીઓ, દુકાનદારો અને રાહદારીઓની મુશ્કેલીઓ ચરમસીમાએ પહોંચી ગઈ છે, જેને લઈને પ્રજામાં ભારે આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. મળતી વિગતો અનુસાર, સુરેન્દ્રનગર શહેરના પોશ અને વ્યસ્ત ગણાતા ૬૦ ફૂટ વિસ્તારમાં આધુનિક સુવિધાઓથી સજ્જ 'આઈકોનિક રોડ' બનાવવાની જાહેરાતો કરવામાં આવી હતી અને મોટા ઉપાડે કામ શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ કમનસીબી એ છે કે એક વર્ષ કરતા વધુ સમય વીતી જવા છતાં આ રોડનું કામ ક્યાંય ઠેકાણે પડ્યું નથી. રોડ પર ખાડાઓ, અસ્તવ્યસ્ત પડેલી માટી અને અધૂરી કામગીરીના કારણે ઉડતી ધૂળની ડમરીઓથી આસપાસના વેપારીઓનું જીવવું દુર્લભ બની ગયું છે.

સુરત ST વિભાગ દ્વારા 'દિવાળી એક્સ્ટ્રા બસ' સેવાનો ધમધમાટ!!

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સુરત બસ સ્ટેશનની મુલાકાત લઈ મુસાફરો સાથે સાધ્યો આત્મીય સંવાદ

સુરત

દિવાળી એટલે આસ્થા, આનંદ, ઉત્સાહ અને પરિવાર સાથે ખુશીઓ વહેંચવાનો પાવન પર્વ. આ તહેવારોમાં રોજગાર કે અભ્યાસ અર્થે સુરત રહેતા હજારો લોકો પોતાના વતન જઈને પરિવારજનો સાથે પર્વની ઉજવણી કરી શકે અને તેમની મુસાફરી સલામત રહે તેવા ઉમદા હેતુથી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) સુરત વિભાગ દ્વારા 'દિવાળી એક્સ્ટ્રા બસ' સેવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તહેવારોના દિવસોમાં મુસાફરોના ભારે ઘોડાપૂરને ધ્યાનમાં રાખીને સુરત વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને પંચમહાલ સહિતના વિવિધ વિસ્તારો માટે ૧૫૦૦થી વધુ વધારાની બસોનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ સેવા તા. ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યાથી શરૂ થઈ ચૂકી છે અને તે તા. ૮ નવેમ્બર, ૨૦૨૬ સુધી નિરંતર કાર્યરત રહેશે. બસ સ્ટેશન પર મુસાફરો માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ



સુરત એસ.ટી. બસ સ્ટેશનની ઓચિંતી મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે 'દિવાળી એક્સ્ટ્રા બસ' સેવાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું અને સ્થળ પર હાજર અધિકારીઓ પાસેથી મુસાફરોની સુરક્ષા તથા સુવિધાઓ અંગેની વિગતો મેળવી હતી. મંત્રીશ્રીએ પોતે બસમાં જઈને મુસાફરી કરી રહેલા નાગરિકો સાથે આત્મીયતાપૂર્વક વાર્તાલાપ કર્યો હતો. તેમણે મુસાફરો પાસેથી મુસાફરીના અનુભવ, બસ સ્ટેશનની સુવિધાઓ અને સમયસર પરિવહન અંગે પ્રતિભાવો મેળવ્યા હતા.

બીલીમોરામાં પ્લાસ્ટિકની

હોલસેલ દુકાનમાં ભીષણ આગ: લાખોનો માલસામાન બળીને ખાખ

નવસારી

નવસારી જિલ્લાના બીલીમોરા શહેરમાં આજે એક અત્યંત ચોંકાવનારી અને ભયાનક આગની ઘટના સામે આવી છે. બીલીમોરાના મુખ્ય બજાર વિસ્તારમાં આવેલી એક પ્લાસ્ટિકની હોલસેલ દુકાનમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં ભારે અફરાતફરી અને સનસનાટી મચી ગઈ હતી. જોતજોતામાં આકાશે આંબતા કાળા ડીબાંગ ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓએ સમગ્ર દુકાનને લપેટમાં લઈ લીધી હતી. આ કાળજાળ આગમાં દુકાનમાં રાખેલો લાખો રૂપિયાનો પ્લાસ્ટિકનો માલસામાન બળીને ખાખ થઈ ગયો છે. મળેલી વિગતો અનુસાર, બીલીમોરા સ્થિત પ્લાસ્ટિકના જથ્થાબંધ વેપારની દુકાનમાં અચાનક શોર્ટ સર્કિટના કારણે કે અન્ય કોઈ અજ્ઞાત કારણોસર આગ લાગી હોવાનું પ્રાથમિક તબક્કે અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. દુકાનમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો જ્વલનશીલ સામાન, પેકિંગ મટિરિયલ અને અન્ય સ્ટોક હાજર હોવાથી આગે ઘડીના છક્કા ભાગમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. દુકાનમાંથી અચાનક લપટો અને ધુમાડો નીકળતો જોઈને આસપાસના વેપારીઓ અને સ્થાનિક રહીશોમાં ભારે નાસભાગ અને દહેશતનો માહોલ સર્જાયો હતો. ઘટના અંગે તાત્કાલિક બીલીમોરા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતાં ફાયર ફાઈટરોનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આજુબાજુની અન્ય દુકાનો અને રહેણાંક મકાનો સુધી આગ ફેલાય નહીં તે માટે ફાયર ફાયટરોએ ચારેય તરફથી પાણીનો મારો ચલાવીને મોરચો સંભાળ્યો હતો. આશરે એક કલાકની ભારે જહેમત અને મથામણ બાદ ફાયર બ્રિગેડની ટીમે આગ પર પૂર્ણપણે કાબૂ મેળવ્યો હતો. આ ભયાનક હોનારતમાં સદ્નસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ દુકાનમાં રહેલો તમામ પ્લાસ્ટિકનો હોલસેલ સ્ટોક અને ફર્નિચર બળીને સવાહ થઈ જતાં વેપારીને લાખો રૂપિયાનું મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો.

હાઈકોર્ટે એફઆઈઆર રદ કરી, સત્યમેવ જયતે:

ખોરજની 100 કરોડની જમીન કૌભાંડમાં પોલીસ તંત્ર અને ભ્રષ્ટ અધિકારીઓનો પર્દાફાશ

ગાંધીનગર

ગાંધીનગરના ખોરજ ગામના ગરીબ ઠાકોર પરિવારની એકસો કરોડ રૂપિયાથી વધુ કિંમતની કિંમતી જમીન પચાવી પાડવાના એક મોટા અને ખતરનાક ષડયંત્રનો પર્દાફાશ થયો છે. આ મામલે ગુજરાત હાઈકોર્ટે એફઆઈઆર રદ કરીને પોલીસની મનસ્વી અને શંકાસ્પદ કામગીરી સામે અત્યંત કડક અવલોકનો કર્યા છે. ગાંધીનગરની ધરતી પર, જ્યાં રાજ્યના મુખ્યમંત્રી અને દેશના ગૃહમંત્રીનું વડપણ છે, ત્યાં જ પોલીસતંત્રના કેટલાક ભ્રષ્ટ અને બેફામ અધિકારીઓએ સત્તાના જોરે ગરીબોના હકો છીનવવાનો ખેલ પાડ્યો હતો, જે હવે ખુલ્લો પડી ગયો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ રાજીવ ગાંધી ભવન ખાતે એક પત્રકાર પરિષદમાં આ મામલે વિસ્ફોટક ખુલાસા કર્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે અસત્ય અને અસુર શક્તિઓ ગમે તેટલા જોર કરે, અંતે સત્યનો જ વિજય થાય છે. ખોરજના ગરીબ ઠાકોર પરિવારને કચડી નાખવાના આ કારસામાં આખરે ન્યાયની જીત થઈ છે અને હાઈકોર્ટે એફઆઈઆર રદ કરીને સાબિત કરી દીધું છે કે કાયદાથી ઉપર કોઈ નથી.

ખોરજ ગામના આ ગરીબ ઠાકોર પરિવાર પાસે પેઢીઓની માલિકીની મૂલ્યવાન જમીન હતી. આ જમીનને પાણીના ભાવે કે બળજબરીથી પડાવી લેવા માટે આઈજી



કક્ષાના ઉચ્ચ અધિકારીની સીધી સૂચના અને દોરવણી હેઠળ અડાલજ પોલીસ સ્ટેશન અને એલસીબીના અધિકારીઓએ ભેગા મળીને એક મોટું ષડયંત્ર રચ્યું હતું. જ્યારે પરિવારે પોતાની જમીન છોડવાનો ઈનકાર કર્યો, ત્યારે પોલીસ તંત્ર દ્વારા તેમના પર આતંક અને દમનનો દોર શરૂ કરવામાં આવ્યો.

પરિવારને એટલી હદે ડરાવવામાં આવ્યો અને ધમકીઓ આપવામાં આવી કે તેમણે પોતાના જ ઘરબાર છોડીને મહિનાઓ સુધી અજ્ઞાતવાસમાં રહેવું પડ્યું. ભાજપના નેતાઓની ગુડબુકમાં રહેવા અને પોતાની અંગત સંપત્તિમાં વધારો કરવા માટે રક્ષક બનવાની જવાબદારી ધરાવતી પોલીસ પોતે જ ભક્ષક બની ગઈ હતી.

આ અન્યાય સામે લડવા માટે પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, ધારાસભ્ય દિનેશ ઠાકોર અને અમૃતજી ઠાકોર સહિતના આગેવાનો પીડિત પરિવારને લઈને મુખ્યમંત્રી પાસે મુલાકાતનો સમય માંગવા ગયા હતા, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ગુજરાતના મુખ્યમંત્રી પાસે આ ગરીબ ખેડૂતોની વેદના સાંભળવા માટે વીસથી પચ્ચીસ દિવસમાં એક મિનિટનો સમય પણ નહોતો.

દેશના ગૃહમંત્રી અમિત શાહના પોતાના ગાંધીનગર મતવિસ્તારમાં જ આ બધું ચાલી રહ્યું છે. પ્રશ્ન એ થાય છે કે જો ગાંધીનગરમાં ગૃહમંત્રીની મરજી વગર ચકલું પણ નથી ફરકતું, તો પછી આ એકસો કરોડની જમીન કૌભાંડમાં સામેલ પોલીસ અધિકારીઓ પર કોના આશીર્વાદ છે? શું ગૃહમંત્રી ખોરજના આ ગરીબ ખેડૂતોને ન્યાય અપાવશે કે પછી પોતાના માનીતા અને ભ્રષ્ટ અધિકારીઓને છાવરવાનું ચાલુ રાખશે?

આતંકની હદ તો ત્યારે થઈ જ્યારે ડરના માર્યે દ્વારકા અને સોમનાથ તરફ ગયેલા ખેડૂતોના લોકેશન ટ્રેસ કરીને સવારે છ વાગ્યે ગાંધીનગર પોલીસની ગાડીઓ તેમને બળજબરીથી ઉઠાવીને લઈ આવી હતી. એટલું જ નહીં, વરિષ્ઠ વકીલ આનંદ યાજ્ઞિકની ઓફિસની બહાર નંબર પ્લેટ વગરની શંકાસ્પદ ગાડીઓનો જમાવડો થયો હતો અને ડરાવવાના પ્રયાસો થયા હતા. પરિવારની એક મહિલા સભ્યને ઘરેથી બળજબરીથી ઉઠાવી જઈને ધાકધમકીઓ વચ્ચે એક તૈયાર કરાયેલી એફઆઈઆર પર સહી કરાવવામાં આવી હતી, જેમાં કોંગ્રેસના નેતાઓના નામ પણ જોડી દેવાનો ઘાતકી પ્રયાસ કરાયો હતો.

હાઈકોર્ટે આ કેસની સુનાવણી દરમિયાન પોલીસ અધિકારીઓની કામગીરી સામે ખૂબ જ કડક અવલોકનો કર્યા છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કઈ રીતે કેટલાક લોકોએ અંગત સ્વાર્થ માટે પોલીસ તંત્રનો દુરુપયોગ કર્યો છે અને પોલીસ કર્મચારીઓ પગાર છોડીને બે નંબરની કમાણીના રસ્તે ચડી ગયા છે. આ મામલે કોંગ્રેસ પક્ષે સ્પષ્ટ માંગણી કરી છે કે તાત્કાલિક એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરવામાં આવે.

માસી બાનાં મમરા ભારે પડ્યા!

ગીતામંદિર બસ સ્ટેશન પર બસ રોકીને પઠાણી ઉઘરાણી કરનાર 3 કિન્નરો પોલીસ સકંજામાં

અમદાવાદ

મેગા સિટી અમદાવાદના મુખ્ય અને ધમધમતા ગીતામંદિર એસ.ટી. બસ સ્ટેશન વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ ખુલ્લેઆમ ચાલતી દાદાગીરી સામે લાલ આંખ કરતી અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે. ધનતેરસના પવિત્ર અને શુભ દિવસો ટાણે જ મુસાફરોથી ભરેલી બસને રોકીને બારીમાંથી અંદર ઘૂસી જઈને 'શુકન'ના નામે પઠાણી ઉઘરાણી કરતા અને બળજબરીપૂર્વક મુસાફરોના ખિસ્સા ખંખેરતા ત્રણ કિન્નરોને અમદાવાદ પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા છે. દાદાગીરીના જોરે વસુલાત કરતા આ તત્વોને પોલીસની સચોટ કાર્યવાહીના કારણે હવે પોતાની દિવાળી જેલના સળિયા પાછળ જ મનાવવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, દિવાળીના તહેવારોને લઈને ગીતામંદિર બસ સ્ટેશન પર ભારે ભીડ જામી હતી અને મુસાફરો પોતાના વતન જવા માટે બસોની રાહ જોઈ રહ્યા હતા અથવા બસોમાં બેઠા હતા. આ દરમિયાન કેટલાક કિન્નરોનો જૂથ ત્યાં પહોંચ્યો હતો અને ધનતેરસ તથા તહેવારોના શુકનના નામે મુસાફરો પાસે બળજબરીપૂર્વક નાણાં પડાવવાનું શરૂ કર્યું હતું. જ્યારે સામાન્ય મુસાફરોએ આ પઠાણી ઉઘરાણીનો વિરોધ કર્યો,



ત્યારે આ કિન્નરોએ હદ વટાવી દીધી હતી. તેઓ ચાલુ બસની બારીઓમાંથી દાદાગીરી કરીને અંદર ચડી ગયા હતા અને મુસાફરો સાથે જીભાજોડી તેમજ ધાકધમકી આપીને તેમના પાકીટ અને ખિસ્સા ખંખેરવાનું શરૂ કરી દીધું હતું.

સરેઆમ બસની અંદર ઘૂસીને ચાલતી આ લૂંટફાટ અને દાદાગીરીના કારણે મુસાફરોમાં ભારે ફફડાટ અને ગભરાટ વ્યાપી ગયો હતો. ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વડીલો આ ત્રાસથી ભારે ડર અનુભવી રહ્યા હતા. બસ સ્ટેશન પર હાજર અન્ય લોકો અને મુસાફરો દ્વારા આ ગેરકાયદેસર અને જોહુકમી ભરેલી ઉઘરાણીનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો, છતાં આ ત્રણેય કિન્નરો પોતાની દાદાગીરી પર અડગ રહ્યા હતા અને રોફ જમાવતા રહ્યા હતા.

આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ગીતામંદિર વિસ્તારમાં ફરજ પર રહેલી પોલીસની ટીમ તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી. પોલીસે સ્થળ પર પહોંચીને મોરચો સંભાળ્યો હતો અને બસની અંદર દાદાગીરી કરી રહેલા ત્રણેય કિન્નરોને કડકાઈથી ઘેરી લીધા હતા. પોલીસને જોતા જ તેમની દબંગાઈ હવા થઈ ગઈ હતી. પોલીસે ત્રણેય કિન્નરોને તાત્કાલિક તાબામાં લઈને પોલીસ મથકે ખસેડ્યા હતા અને તેમની સામે કાયદેસરની કડક ગુનાહિત કાર્યવાહી હાથ ધરી હતી.

આડીનાર ચોકડી નજીક બકરા ચોરોની કાર પલટી: અકસ્માત બાદ ભેદ ભડકો!

કારમાંથી ચોરાયેલા બકરા સાથે દારૂની બોટલો મળી આવતાં ચકચાર

આડીનાર

આડીનાર ચોકડીથી મોહોળેલ તરફ જવાના મુખ્ય માર્ગ પર આજે એક અત્યંત ચોંકાવનારી અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. પુરઝડપે જઈ રહેલી બકરા ચોરોની કાર અચાનક ચાલકે પરનો કાબૂ ગુમાવતાં માર્ગ પર પલટી મારી ગઈ હતી. અકસ્માત બાદ સ્થળ પર એકઠા થયેલા લોકો અને પોલીસની ટીમે જ્યારે પલટી મારેલી કારની તપાસ કરી, ત્યારે અંદરના દ્રશ્યો જોઈને સૌ કોઈ દંગ રહી ગયા હતા. કારની અંદરથી ચોરાયેલા બકરાઓની સાથે-સાથે દારૂની બોટલોનો જથ્થો પણ મળી આવ્યો હતો. મળેલી પ્રાથમિક વિગતો અનુસાર, આડીનાર ચોકડીથી મોહોળેલ તરફ જઈ રહેલા માર્ગ પર એક શંકાસ્પદ કાર અત્યંત બેફામ અને પૂરઝડપે પસાર થઈ રહી હતી. દરમિયાન મોહોળેલ રોડ પર અચાનક સ્ટીયરીંગ પરનો કાબૂ છૂટી જતાં કાર માર્ગ પર ધડાકાભેર પલટી મારી ગઈ હતી. અકસ્માતના આ ભયાનક અવાજથી આસપાસના સ્થાનિક રહીશો અને વાહનચાલકો તુરંત જ મદદ અર્થે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. દુર્ઘટના




બાદ કારમાં સવાર શંકાસ્પદ ઈસમો (બકરા ચોરો) ઈજાગ્રસ્ત હાલતમાં કાર મૂકીને ત્યાંથી નાસી છૂટવાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. સ્થાનિકોએ જ્યારે પલટી મારેલી કારની અંદર જોયું ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતી. કારના પાછળના ભાગે ક્રૂરતાપૂર્વક બાંધીને રાખેલા ચોરાયેલા બકરા ધ્રૂજતી હાલતમાં મળી આવ્યા હતા. એટલું જ નહીં, બકરાની ચોરી કરીને ભાગી રહેલા આ તસ્કરો કારમાં દારૂની બોટલો પણ રાખીને અડ્ડો જમાવી બેઠા હતા, જે બોટલો પણ કારમાંથી મળી આવી હતી.

નડિયાદમાં દિવાળી ટાણે પોલીસનું ધાકડ ફૂટ પેટ્રોલિંગ : SP વિજય પટેલના માર્ગદર્શન હેઠળ

ટાઉન પોલીસે બજારો ખૂંદી વળી અસામાજિક તત્વોને સ્પષ્ટ ચેતવણી આપી

નડિયાદ

દિવાળીના પવિત્ર અને ઉત્સાહભર્યા તહેવારો દરમિયાન નડિયાદ શહેર અને આસપાસના વિસ્તારોના નાગરિકો કોઈપણ જાતના ભય વગર શાંતિ, સલામતી અને ઉલ્લાસ સાથે પર્વની ઉજવણી કરી શકે તે માટે ખેડા જિલ્લા પોલીસ દ્વારા અત્યંત સક્રિય અને આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક (SP) શ્રી વિજય પટેલની કડક સૂચના અને સચોટ માર્ગદર્શન હેઠળ નડિયાદ ટાઉન પોલીસ મથકના અધિકારીઓ અને જવાનો દ્વારા શહેરભરમાં સઘન ફૂટ પેટ્રોલિંગ (Foot Patrolling) હાથ ધરવામાં આવ્યું છે. દિવાળીના તહેવારોને લઈને નડિયાદના મુખ્ય બજારો, ધમધમતા વેપારી સંકુલો, સોના-ચાંદીની અને કપડાંની બજારો તેમજ ભીડભાડવાળા સંવેદનશીલ પોઈન્ટ્સ પર લોકોની ભારે ભીડ જામતી હોય છે.









શુભ દિપાવલી/નૂતન વર્ષ ની શુભેચ્છાઓ .



હિનાબેન વસંતભાઈ રોહિત.(અવાખલ)
પ્રમુખ. શિનોર તાલુકા પંચાયત.|
શિનોર તાલુકા પંચાયત



દિવાળીની હાર્દિકુભકામનાઓ..!!

પ્રકાશના પર્વ દિવાળીના પાવન અવસરે આપ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદનો પ્રકાશ પથરાય.

આપના પરિવારના દરેક સભ્યનું જીવન ખુશીઓથી ભરાઈ રહે અને આવનારું નવું વર્ષ પ્રગતિ તથા સફળતામય બની રહે તેવી હૃદયપૂર્વક શુભેચ્છાઓ.

દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન
સ્નેહ અને શુભેચ્છાઓ સાથે,
સભ્યો,મીરાબેન રૂપસિંહભાઈ રાઠવા
છોટાઉદેપુર,6 ડોલરીયા જિલ્લા પંચાયત

શુભ દિપાવલી / નૂતન વર્ષની શુભેચ્છા



હિતેશભાઈ મગનભાઈ ઠાકોર (મીઢોળ)
મહામંત્રી, શિનોર તાલુકા ભાજપ.
ઉપપ્રમુખ, જય હો સેવા ટ્રસ્ટ વડોદરા

શુભ દિપાવલી/નૂતન વર્ષની શુભેચ્છા



કૃષ્ણકાંત ચંપકલાલ શાહ ,(મોટા ફોફળિયા)
સંગઠન મંત્રી શિનોર તાલુકા ભાજપા

..શુભ દિપાવલી / નૂતન વર્ષની શુભેચ્છા..



ગાંધી ઉદિત અતુલભાઇ (શિનોર)
મંત્રી , વડોદરા જિલ્લા ભાજપા યુવા મોરચો.

શુભ દિપાવલી /નૂતન વર્ષની શુભેચ્છા



જયેશભાઈ રતિલાલ પટેલ (છાણભોઈ)
ઉપસભાપતિ /શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ
સિનોર.

શુભ દિપાવલી / નૂતન વર્ષની શુભેચ્છા.



અલ્તાફ હસનભાઇ રંગરેજ (સાધલી)
સદસ્ય. ગ્રામ પંચાયત. સાધલી.

શુભ દિપાવલી /નૂતન વર્ષની શુભેચ્છા



પ્રશાંત ઉર્ફે પીન્ટુ દાદા રાજેન્દ્રભાઈ બારોટ (અચીસરા)
ઉપપ્રમુખ, વડોદરા જિલ્લા ભાજપા બક્ષીપંચ મોરચો.|

શુભ દિપાવલી નુતન વર્ષની શુભેચ્છા.



સંકેતભાઈ ભરતભાઈ પટેલ (સાધલી)
પ્રમુખ શિનોર તાલુકા ભાજપ, ઇ.સરપંચ સાધલી

શુભ દિપાવલી .. નૂતન વર્ષની શુભેચ્છા



મીનાબેન અલ્પેશભાઈ વસાવા.. સેગવા
સામાજિક ન્યાય સમિતિ ચેરમેન તાલુકા પંચાયત શિનોર.|

શુભ દિપાવલી / નૂતન વર્ષની શુભેચ્છા.



સીનોર તાલુકા પંચાયત ,સીનોર. (પુનિયાદ)

શુભ દિપાવલી નૂતન વર્ષની શુભેચ્છા



વિકાસભાઈ સુરેશભાઈ પટેલ (બીથલી)
અગ્રણી સહકારી કાર્યકર,શિનોર તાલુકા.|

શુભ દિપાવલી / નૂતન વર્ષની શુભેચ્છા



શિનોર તાલુકા પંચાયત .સીનોર

શુભ દિપાવલી / નૂતન વર્ષની શુભેચ્છા



હરિકૃષ્ણ ઉર્ફે જીગાભાઈ પંકજભાઈ પટેલ (ઉતરાજ)
સરપંચ. ગ્રામ પંચાયત. ઉતરાજ. તા.શિનોર|

શુભ દિપાવલી/ નુતન વર્ષની શુભેચ્છા



વિભાબેન હરિકૃષ્ણ ઉર્ફે જીગાભાઈ પટેલ (ઉતરાજ)
જિલ્લા પંચાયત સદસ્ય. (સાધલી બેઠક)

શુભ દિપાવલી /નૂતન વર્ષની શુભેચ્છા.




મુકેશભાઈ મોતીભાઈ પટેલ (બિરલા) સાધલી
ચેરમેન શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સિનોર.

તંત્રી લેખ...

દિવાળી: અંધકારથી પ્રકાશ તરફની શાશ્વત યાત્રા અને આજના સંદર્ભમાં આપણું દાયિત્વ

આકાશમાં ઝળહળતી ફટાકડાની રોશની, ઘરના આંગણે કલાત્મક રીતે સજાવાયેલી રંગોળી અને દરેક ઘરના ઉંબરે પ્રગટતો એક નાનો દીવો માત્ર એક તહેવારની ઉજવણી નથી, પરંતુ તે માનવજાતની અંધકારમાંથી પ્રકાશ તરફની અવિરત અને શાશ્વત યાત્રાનું જીવંત પ્રતીક છે. દિવાળી એ માત્ર ભારતીય સંસ્કૃતિનો સૌથી મોટો કે લોકપ્રિય તહેવાર નથી, પણ તે આત્મનિરીક્ષણ, આંતરિક ઉર્જા, સામાજિક સમરસતા અને અદમ્ય સકારાત્મકતાનો મહાપર્વ છે. ખાસ કરીને ગુજરાતની રંગીલી અને વ્યાપારપ્રધાન ધરા પર દિવાળીનો ઉત્સાહ હંમેશાં તદ્દન અનોખો અને અવિસ્મરણીય રહ્યો છે. વ્યાપાર જગતના પાટિયા પૂજનથી લઈને ઘર-આંગણાની રોશની સુધી, ગુજરાતના ખૂણે-ખૂણે એક નવો ઉમંગ અને અનેરો ઉત્સાહ જોવા મળે છે.

વૈદિક કાળથી આપણા શાસ્ત્રોમાં ઘોષણા કરવામાં આવી છે - 'તમસો મા જ્યોતિર્ગમય' અર્થાત્ અહે પ્રભુ! અમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાઓ. આ મંત્ર માત્ર એક સામાન્ય પ્રાર્થના નથી, પરંતુ તે આપણા સમગ્ર જીવનનું ગહન દર્શન છે. આપણા મનમાં રહેલા અજ્ઞાન, દ્વેષ, ઈર્ષ્યા, નિરાશા અને સ્વાર્થના ગાઢ અંધકારને મિટાવીને જો આપણે હૃદયમાં જ્ઞાન, પ્રેમ, આશા, સેવા અને પરોપકારના દિવડા પ્રગટાવી



શકીએ, તો જ આપણી સાચી દિવાળી સાર્થક થાય છે. ભગવાન શ્રી રામના અયોધ્યા આગમનની પૌરાણિક કથા આપણને એક મહામૂલો સંદેશ આપે છે કે ગમે તેવી વિકટ પરિસ્થિતિ કે સંકટો આવે, અંતે સત્ય, ન્યાય અને ધર્મનો જ વિજય નિશ્ચિત હોય છે. ચૌદ વર્ષના લાંબા વનવાસ અને અસંખ્ય સંઘર્ષો તથા કષ્ટ સહન કર્યા પછી જ્યારે અયોધ્યાના નાગરિકોએ ઘીના દીવા પ્રગટાવીને રામનું સ્વાગત કર્યું, ત્યારે તે માત્ર એક નગરનો ઉત્સવ નહોતો, પણ પ્રજાના હૃદયમાં પ્રગટેલા આનંદ અને વિશ્વાસનો ઉજાસ હતો.

આજના આધુનિક અને યંત્રવત્ બની ગયેલા યુગમાં, જ્યારે આપણે દિવાળીની ભવ્ય ઉજવણી કરીએ છીએ, ત્યારે કેટલાક ગંભીર અને સળગતા પ્રશ્નો પર ગહન વિચારણા કરવી પણ એટલી જ અનિવાર્ય બની ગઈ છે. શું આપણી આ ઉજવણી માત્ર દેખાડા કે સોશિયલ મીડિયા પૂરતી સીમિત બની રહી છે? શું આપણે આ ઉત્સવના નામે પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે બેદરકાર અને ક્રૂર બનતા જઈ રહ્યા છીએ? આજની દિવાળીમાં અવાજ અને વાયુ પ્રદૂષણનું પ્રમાણ ભયજનક રીતે વધતું જાય છે, જે આપણા જ પરિવાર અને બાળકોના સ્વાસ્થ્ય માટે ઘાતક સાબિત થઈ રહ્યું છે. એક જાગૃત અને જવાબદાર નાગરિક તરીકે હવે આપણે ફટાકડાના ભારે ધુમાડા અને પ્રદૂષણથી મુક્ત, સ્વચ્છ, હરિયાળી અને સાત્વિક દિવાળી તરફ આગળ વધવું પડશે. સાચો આનંદ કાનના પડદા ફાડી નાખતા ફટાકડાના અવાજમાં નથી, પરંતુ કોઈ અશક્ત, ગરીબ કે જરૂરિયાતમંદના ચહેરા પર નાની એવી ખુશી અને સ્મિત લાવવામાં છે.

ગુજરાતીઓ માટે દિવાળીના પર્વનું મહત્ત્વ એટલા માટે પણ અનેકગણું વધી જાય છે કારણ કે આ તહેવારની સાથે જ આપણા માટે વિક્રમ સંવતનું નવું વર્ષ પણ જોડાયેલું છે. નવું વર્ષ એટલે માત્ર કેલેન્ડર બદલાવ નહીં, પરંતુ નવા સંકલ્પો લેવાનો, જૂના મતભેદો ભુલાવીને સંબંધો સુધારવાનો, ચોપડા પૂજન કરવાનો અને વ્યાપાર-ધંધામાં એક નવી શરૂઆત કરવાનો અવસર છે. આપણા વેપારી ભાઈઓ 'શુભ-લાભ' અને 'લાભ પાંચમ'ના પવિત્ર દિવસે પૂજા કરીને હિસાબોની નવી ચોપડીઓ શરૂ કરે છે, જે વ્યાપારમાં પ્રામાણિકતા, સત્યનિષ્ઠા અને પારદર્શિતાનું પ્રતીક છે. આ અદ્ભુત પરંપરા આપણને શીખવે છે કે ગત વર્ષની ભૂલોમાંથી બોધપાઠ લઈને આવનારા ભવિષ્યને વધુ ઉજ્જવળ અને સમૃદ્ધ કેવી રીતે બનાવવું.

આ પા દિવાળીએ આપણે સૌ એક દ્રઢ સંકલ્પ કરીએ કે આપણા જ્ઞાન, કર્મ, વાણી અને વ્યવહારથી સમાજના કોઈ પણ અંધારા ખૂણામાં જ્ઞાન અને મદદનો પ્રકાશ પાથરી શકીશું. આપણા અડોશ-પડોશમાં કે સમાજમાં રહેલા કોઈ નિરાધાર અને લાચાર વ્યક્તિના જીવનમાં ખુશીનો દીવો પ્રગટાવી શકીશું, તો જ આપણી આ દિવાળી ખરા અર્થમાં સફળ અને સાર્થક બનશે. 'પાક્કો ગુજરાત' પરિવાર તરફથી આપ સૌ આદરણીય વાચકો અને પ્રજાજનોને દિવાળી તથા નૂતન વર્ષના પાવન પર્વ પર અંતઃકરણપૂર્વક હાર્દિક શુભકામનાઓ! આપ સૌનું આ આગામી નવું વર્ષ સુખ, શાંતિ, આરોગ્ય, અપાર સમૃદ્ધિ અને ઉત્તરોત્તર પ્રગતિ લઈને આવે તેવી જ હૃદયપૂર્વકની અભ્યર્થના!

- ગ્રુપ એડિટર પવન માકન

દિવાળી પર ઓનલાઈન શોપિંગની ઘેલછા વચ્ચે સાયબર ઠગો સક્રિય: એક ભૂલ અને બેંક એકાઉન્ટ સાફ!

નકલી વેબસાઈટ અને ઓફર્સથી સાવધાન, જાણો બચવાના ઘાતક ઉપાયો

દિવાળીનો તહેવાર એટલે ખુશીઓ, પ્રકાશ અને શોપિંગનો મહાપર્વ! આ દિવસોમાં બજારમાં જવાની સાથે-સાથે ઓનલાઈન શોપિંગ કરવાનું ચલણ અભૂતપૂર્વ રીતે વધી જાય છે. ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર મળતા શાનદાર ડિસ્કાઉન્ટ, કેશબેક અને બમ્પર ઑફર્સની રાહ દરેક નાગરિક જોતો હોય છે. પરંતુ ખુશીઓના આ માહોલ વચ્ચે એક કાળી વાસ્તવિકતા એ પણ છે કે તમારી આ જ આતુરતા અને ઉતાવળનો ફાયદો ઉઠાવવા સાયબર ઠગોની ટોળકીઓ સંપૂર્ણપણે સક્રિય થઈ ગઈ છે. એક નાની સરખી ભૂલ અને તમારી આખી જિંદગીની મહેનતની કમાણી ક્ષણભરમાં ગાયબ થઈ શકે છે!

ઓનલાઈન લૂંટફાટની નવી અને ખતરનાક ચાલ: સાયબર ઠગો કઈ રીતે જાળ પથરાવે છે?

તહેવારોની સિઝનમાં સાયબર અપરાધીઓ લોકોને ઠગવા માટે નવી-નવી અને આધુનિક યુક્તિઓ અપનાવે છે:

૧. નકલી વેબસાઈટ અને ક્લોન પોર્ટલ્સ:

પ્રખ્યાત અને જાણીતી ઈ-કોમર્સ વેબસાઈટ્સ (જેમ કે એમેઝોન, ફ્લિપકાર્ટ કે મોટી બ્રાન્ડ્સ) જેવી જ દેખાતી બોગસ અને હૂબહૂ નકલી વેબસાઈટ્સ તૈયાર કરવામાં આવે છે. આ વેબસાઈટના વેબ એડ્રેસ (URL) માં માત્ર એકાદ અક્ષરનો જ તફાવત હોય છે, જેને ઉતાવળમાં સામાન્ય નાગરિકો પારખી શકતા નથી.

૨. વોટ્સએપ અને સોશિયલ મીડિયા પર 'ફ્રી ગિફ્ટ' અને ખતરનાક લિંક્સ:

'તમારો ઓર્ડર કેન્સલ થયો છે', 'રિફંડ મેળવવા માટે આ એપ ડાઉનલોડ કરો' કે 'તમારું પાર્સલ હોલ્ડ પર છે' જેવા બહાના



'દિવાળી સુપર સેલ! ૯૦% ડિસ્કાઉન્ટ મેળવવા અહીં ક્લિક કરો' અથવા 'દિવાળી નિમિત્તે ફ્રી આઈફોન/સોનાનો સિક્કો જીતવા લિંક શેર કરો' જેવા આકર્ષક અને લોભામણા મેસેજ વોટ્સએપ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર વાયરલ કરવામાં આવે છે. આ લિંક પર ક્લિક કરતાં જ તમારા મોબાઈલમાં માલવેર કે વાયરસ ઈન્સ્ટોલ થઈ જાય છે અથવા તમારો ડેટા હેક થઈ જાય છે.

૩. બનાવટી કસ્ટમર કેર અને ફેક કોલ્સ:

બનાવીને સાયબર ઠગો કસ્ટમર કેરના નામે ફોન કરે છે અને સ્ક્રીન શેરિંગ એપ્લિકેશન્સ ડાઉનલોડ કરાવીને મોબાઈલનો પૂરો કન્ટ્રોલ મેળવી લે છે.

૪. ભારે ડિસ્કાઉન્ટની લાલચમાં ઓનલાઈન પેમેન્ટ:

ખૂબ જ મોંઘી વસ્તુઓ (જેમ કે સ્માર્ટફોન, લેપટોપ કે બ્રાન્ડેડ કપડાં) સાવ પાણીના ભાવે આપવાની જાહેરાત કરી માત્ર 'ઓનલાઈન પેમેન્ટ' કરવાનો જ વિકલ્પ આપવામાં આવે છે. પૈસા ચૂકવાયા બાદ ના તો સામાન મળે છે ના તો વેબસાઈટનો કોઈ પત્તો રહે છે.

અંગત માહિતી અને બેંકિંગ ડેટા પર મોટો સબડકો

ઘણીવાર આપણે માત્ર પૈસા જ નથી ગુમાવતા, પરંતુ આપણી અત્યંત ગોપનીય અને અંગત માહિતી જેવી કે બેંક એકાઉન્ટ વિગતો, ક્રેડિટ/ડેબિટ કાર્ડ નંબર, પિન અને ઓટીપી (OTP) પણ સાયબર ભક્ષકોના હાથમાં સોંપી દઈએ છીએ. આ ડેટાનો ઉપયોગ ભવિષ્યમાં મોટા ગુનાઓ અને નાણાકીય ગોટાળા કરવા માટે કરવામાં આવે છે.

સાયબર ફ્રોડથી બચવા માટેના સુવર્ણ નિયમો અને સાવચેતી:

* URL ની ચકાસણી કરો: કોઈપણ વેબસાઈટ પરથી ખરીદી કરતા પહેલાં તેનું વેબ એડ્રેસ સરખી રીતે ચકાસો. સાચી અને સુરક્ષિત વેબસાઈટના એડ્રેસની શરૂઆતમાં 'https://' અને લોક (Padlock) નુ ચિહ્ન હોવું ફરજિયાત છે.

* શંકાસ્પદ લિંક્સ પર ક્લિક ન કરો: અનજાન નંબર પરથી કે સોશિયલ મીડિયા ગ્રુપ્સમાં આવતી ફ્રી ગિફ્ટ કે અતિશય ડિસ્કાઉન્ટ વાળી લિંક્સ પર ક્યારેય ક્લિક કરશો નહીં.

* OTP અને પિન ક્યારેય શેર ન કરો: બેંક કે કોઈ જ ઈ-કોમર્સ કંપની ક્યારેય તમારી પાસે ઓટીપી, યુપીઆઈ પિન કે ક્રેડિટ કાર્ડનો સીવીવી (CVV) માંગતી નથી.

* કેશ ઓન ડિલિવરી (COD) નો ઉપયોગ કરો: નવી કે અજાણી વેબસાઈટ પરથી ખરીદી કરતી વખતે શક્ય હોય ત્યાં સુધી 'કેશ ઓન ડિલિવરી'નો વિકલ્પ જ પસંદ કરો.

* સત્તાવાર એપ પરથી જ શોપિંગ કરો: થર્ડ પાર્ટી લિંક્સ કે મેસેજ દ્વારા જવાને બદલે ગુગલ પ્લે સ્ટોર કે એપ સ્ટોર પરથી ડાઉનલોડ કરેલી સત્તાવાર (Official) એપ્લિકેશનનો જ ઉપયોગ કરો.

જો સાયબર ઠગાઈનો ભોગ બનો તો શું કરવું?

જો કમનસીબે તમારી સાથે કોઈ નાણાકીય સાયબર ફ્રોડ થાય, તો ગભરાયા વગર તરત જ હરકતમાં આવો:

૧. તુરંત જ તમારા બેંક એકાઉન્ટ અને કાર્ડ્સ બ્લોક કરાવો.

૨. સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર તાત્કાલિક કૉલ કરીને ફરિયાદ નોંધાવો.

૩. ભારત સરકારના સત્તાવાર સાયબર ક્રાઈમ પોર્ટલ (www.cybercrime.gov.in) પર જઈને ઓનલાઈન ફરિયાદ દર્જ કરો.

દિવાળીનો આનંદ સાવચેતીમાં જ છે. થોડીક જાગરૂકતા અને સંયમ તમને મોટી આર્થિક અને માનસિક મુસીબતમાંથી બચાવી શકે છે. 'સાવચેતી એ જ સલામતી'ના મંત્ર સાથે આ દિવાળીએ સુરક્ષિત ઓનલાઈન શોપિંગ કરો અને પરિવાર સાથે પર્વની ઉજવણી કરો.

આંખમાં આંસુ સાથે ખેતમજૂરની નિરાધાર દીકરીને ખેડૂતે બાળકલ્યાણ સમિતિને કેમ સોંપી?

પોરબંદરના ભેટકડી ગામના 67 વર્ષીય ખેડૂત રાયદે ખૂંટીની માનવતા જોઈ પોલીસ અને બાળકલ્યાણ સમિતિની આંખો પણ ભીની થઈ ગઈ!

પોરબંદર પાસે આવેલા નાનકડા ભેટકડી ગામમાંથી માનવતા, કાળજાના કટકા જેવો પ્રેમ અને નિઃસ્વાર્થ લાગણીની એક એવી હૃદયસ્પર્શી ઘટના સામે આવી છે, જેણે સાંભળનાર દરેક વ્યક્તિની આંખોમાં ઝળઝળિયાં આણી દીધા છે. એક દારૂડિયા ખેતમજૂરે પોતાની ૫ વર્ષની માસૂમ દીકરીને નિરાધાર મૂકીને ભાગી ગયા બાદ, ગામના ૬૭ વર્ષીય વૃદ્ધ ખેડૂતે તેને સતત ત્રણ વર્ષ સુધી પોતાની પૌત્રીની જેમ સાચવી, ઉછેરી અને કાળજાની જેમ રાખી. પરંતુ જ્યારે દીકરીના ઉજ્જવળ ભવિષ્ય અને તેને યોગ્ય દત્તક વિધાન દ્વારા નવું જીવન મળવાની તક આવી, ત્યારે આ વૃદ્ધ ખેડૂતે ભારે હૈયે અને ભીની આંખે પોતાની વ્હાલસોઈ દીકરીને બાળકલ્યાણ સમિતિને વળાવી દીધી.

વડોદરાના રસ્તા પરથી કાગળ વીણતી માસૂમ દીકરીને આશરો આપ્યો

ઘટનાની વિગતવાર વિગતો મુજબ, પોરબંદરના ભેટકડી ગામના ૬૭ વર્ષીય ખેડૂત રાયદે ખૂંટીના જુના ખેતમજૂરો ત્રણ વર્ષ પહેલાં પોતાના વતન જવા નીકળ્યા હતા. પરંતુ તેઓ પરત ન આવ્યા અને ફોન કરીને જણાવ્યું કે તેમની પાસે ખાવાના પણ પૈસા નથી અને તેઓ વડોદરા અટવાયા છે. ખેડૂત રાયદે ભાઈ માનવતા દાખવીને પોતાના મજૂરોની મદદ કરવા માટે વડોદરા સુધી પહોંચ્યા હતા. જોકે, જુના મજૂરો ત્યાં મળ્યા નહોતા, પરંતુ રસ્તા પર એક ૫ વર્ષની માસૂમ દીકરીને કાગળ વીણતી જોઈ રાયદે ભાઈનું દિલ દ્રવી ઉઠ્યું હતું.

ત્યાં અજય નામના એક શખ્સે રાયદે ભાઈને કહ્યું કે તે ખેતીકામ જાણે છે અને પોતાની માસૂમ દીકરીનું પેટ ભરવા માટે ખેતમજૂરી કરવા તૈયાર છે. રાયદે ભાઈને દયા આવતાં તેઓ અજય અને તેની ૫ વર્ષની દીકરીને પોતાના ગામે ખેતમજૂર તરીકે લઈ આવ્યા હતા.

દારૂડિયા પિતા દીકરીને રાખી રૂ. ૫૦૦૦ નો ઉપાડ લઈને છૂમંતર થઈ ગયો!

ગામ આવ્યા બાદ અજયે ૧૫ દિવસ કામ કર્યું અને દીકરી માટે વસ્તુઓ લેવાના બહાને ૫૦૦ રૂપિયા ઉપાડ લીધો. એ દિવસે તે બજારમાં જઈને દારૂ પીને પાછો આવ્યો. રાયદે ભાઈએ તેને ખખડાવ્યો, ત્યારે તેણે ભગવાનના સોગંદ ખાઈને ફરી દારૂ ન પીવાનું વચન આપ્યું. થોડા દિવસ પછી અજયે કહ્યું કે અહીં સ્થિર આવક હોવાથી તે પોતાની પત્નીને લેવા વતન જાય છે અને પરત આવીને અહીં જ રહેશે. આ બહાને તે રાયદે ભાઈ પાસેથી રૂ. ૫,૦૦૦ ઉધાર લઈ પોતાની માસૂમ દીકરીને ખેડૂતના ઘરે મૂકીને જતો રહ્યો અને ક્યારેય પરત આવ્યો જ નહીં!

માતા-પિતાના વિયોગ વચ્ચે ખેડૂતે પૌત્રીની જેમ ઉછેરી

રાયદે ભાઈ અને તેમનો પરિવાર અજય આજે આવશે કે કાલે આવશે તે સમજીને માસૂમ દીકરીની કાળજી રાખતા રહ્યા. બાળકીએ નિર્દોષતાથી ખુલાસો કર્યો હતો કે તેનો પિતા દારૂ પીને તેની માતાને મારતો હતો, જેના કારણે તેની માતા તેના નાના ભાઈને લઈને એક રાજસ્થાની યુવક સાથે ભાગી ગઈ હતી. આ સાંભળીને રાયદે ભાઈ અને તેમના પરિવારે આ નિરાધાર દીકરીને પોતાની સગા પૌત્રી કરતાં પણ વધુ પ્રેમ આપીને સાચવવાનું શરૂ કર્યું.

બાળકલ્યાણ સમિતિને સોંપતી વખતે કાળજાનો ટુકડો આપતા હોય તેવું દર્દ

આ રીતે અજાણી દીકરીને રાખવા મામલે એક સગાએ સલાહ આપતાં રાયદે ભાઈએ કાનૂની પ્રક્રિયા મુજબ પોલીસમાં જાણ કરી. પોલીસે દીકરીના ભ્રષ્ટ અને બેદરકાર પિતા વિરુદ્ધ ફરિયાદ નોંધીને દીકરીને બાળકલ્યાણ સંસ્થામાં સોંપવા આદેશ કર્યો. જ્યારે દીકરીને દત્તક લેવા માટે ભલામણો આવી અને તેને બાળકલ્યાણ સમિતિને સોંપવાની ઘડી આવી, ત્યારે રાયદે ભાઈ અને તેમના પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો.

૬૭ વર્ષીય રાયદે ભાઈએ અશ્રુભીની આંખે જણાવ્યું કે, 'અમે અમારા કાળજાનો ટુકડો કોઈને આપતા હોઈએ તેવી વેદના સાથે તેને વળાવી છે. આજે પણ ઘરમાં જમવા બેસીએ ત્યારે ભૂલથી અમારાથી એ દીકરીની થાળી પીરસાઈ જાય છે. દીકરીને કોણ દત્તક લેશે તેની અમને ખબર નથી, પરંતુ મનમાં એક જ સંતોષ છે કે કાયદાકીય પ્રક્રિયાથી તેનું ભવિષ્ય સુધરી જશે.'

આજના આ સ્વાર્થી યુગમાં એક નિરાધાર અને અજાણી દીકરી માટે પોરબંદરના વૃદ્ધ ખેડૂત રાયદે ખૂંટીએ દાખવેલી આ અદભુત માનવતા અને મમતાની મિશાલ જોઈને પોલીસ અધિકારીઓ અને બાળકલ્યાણ સમિતિના સભ્યોની આંખો પણ ભીની થઈ ગઈ હતી.

સુપ્રીમ કોર્ટનો 'તહેલકા'ના પૂર્વ એડિટર તરૂણ તેજપાલને મોટો આંચકો: 10 વર્ષની જેલની સજા પર સ્ટે મૂકવાની અરજી ફગાવી

માફીના ઈમેઈલ અને પુરાવા ધ્યાને લઈ સુપ્રીમે આકરો વલણ અપનાવ્યો

દેશના બહુચર્ચિત અને હાઈપ્રોફાઈલ દુષ્કર્મ કેસમાં સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો આપતાં 'તહેલકા' મેગેઝિનના પૂર્વ એડિટર-ઇન-ચિફ તરૂણ તેજપાલને મોટો ઝટકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે ૧૦ વર્ષની જેલની સજા પર સ્ટે (સ્થગિતતા) મૂકવાની તેજપાલની અરજીને આકરા વલણ સાથે ફગાવી દીધી છે. જુનિયર સહકર્મી પર આચરેલા દુષ્કર્મ મામલે હાઈકોર્ટે આપેલી સજા સામે રાહત મેળવવા સુપ્રીમ પહોંચેલા તેજપાલને



હવે જેલના સળિયા પાછળ જવાનો વારો આવ્યો છે.

નવેમ્બર ૨૦૧૩માં ગોવાની એક ફાઈવ સ્ટાર હોટેલમાં યોજાયેલી એક ઈવેન્ટ દરમિયાન તરૂણ તેજપાલ પર પોતાની જ કંપનીની જુનિયર મહિલા સહકર્મી પર દુષ્કર્મ આચરવાનો ગંભીર આક્ષેપ થયો હતો. સમગ્ર દેશમાં ભારે ચકચાર જગાવનારા આ કેસમાં નીચલી અદાલતે (ટ્રાયલ કોર્ટ) વર્ષ ૨૦૨૧માં તરૂણ તેજપાલને નિર્દોષ છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો. જોકે, બોમ્બે હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના આ નિર્દોષ છુટકારાના આદેશને સંપૂર્ણપણે રદબાતલ ઠેરવીને તેજપાલને ૧૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી.

બોમ્બે હાઈકોર્ટના આ કડક આદેશ અને ૧૦ વર્ષની સજા સામે તરૂણ તેજપાલે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા અને સજા પર રોક લગાવવાની માંગ કરી હતી. જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની ખંડપીઠ સમક્ષ આ કેસની સઘન સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેસના તમામ દસ્તાવેજો અને પુરાવાઓનું બારીકાઈથી અવલોકન કર્યું હતું. પીડિતા સામે તેજપાલ દ્વારા કરવામાં આવેલા માફીના ઈમેઈલ, મેસેજ અને અન્ય ભૌતિક પુરાવાઓને ગંભીરતાથી ધ્યાને રાખીને બેન્ચે સજા સ્થગિત કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. અદાલતે નિર્દેશ આપ્યો હતો કે ગુનાની ગંભીરતા અને ઉપલબ્ધ પુરાવાઓને જોતાં આ તબક્કે સજા પર સ્ટે આપી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી સ્પષ્ટ થઈ ગયું છે કે હોદ્દા, સત્તા કે લાગવગના જોરે ગંભીર ગુનાઓમાંથી બચી શકાતું નથી. એક સમયે દેશના મીડિયા જગતમાં મોટું નામ ધરાવતા અને મોટી-મોટી નૈતિકતાની વાતો કરતા તરૂણ તેજપાલની પાપની લીલા આખરે અદાલતના આકરા વલણ સામે ખુલ્લી પડી ગઈ છે અને તેમને પોતાના કુકર્મોની ભોગવણી કરવા જેલમાં જવું પડશે.

રાજસ્થાનના સીકરમાં 82 વર્ષીય વૃદ્ધ પ્રોપર્ટી ડીલર હનીટ્રેપનો ભોગ બન્યા

યુવતીએ જાળ બિછાવી 10 લાખની ખંડણી માંગી, પોલીસે એક યુવતી સહિત 4 બદમાશોને દબોચ્યા

રાજસ્થાનના સીકર શહેરમાંથી એક અત્યંત શરમજનક અને સનસનાટીભરી ઘટના સામે આવી છે, જેણે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચાવી દીધી છે. સીકર શહેરમાં ૮૨ વર્ષીય એક વયોવૃદ્ધ પ્રોપર્ટી ડીલરને સુંદરતાના જાળમાં ફસાવીને એટલે કે 'હનીટ્રેપ' (Honeytrap) ના રમતનો ભોગ બનાવીને લાખો રૂપિયા પડાવવાના ગંભીર કાવતરાનો પર્દાફાશ થયો છે. પીડિત વૃદ્ધ પાસેથી બ્લેકમેલ કરીને પૂરા ૧૦ લાખ રૂપિયાની માતબર રકમની ખંડણી માંગવામાં આવી હતી. આ મામલે પોલીસે ત્વરિત અને સચોટ કાર્યવાહી કરીને મુખ્ય સૂત્રધાર યુવતી સહિત કુલ ચાર આરોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ કેસની વિગતવાર માહિતી અનુસાર, સીકર શહેરમાં પ્રોપર્ટી લે-વેચનું કામ કરતા ૮૨ વર્ષીય વૃદ્ધને આ કુખ્યાત ગેંગ દ્વારા ખૂબ જ આયોજનબદ્ધ રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા. ગેંગમાં સામેલ એક યુવતીએ પોતાની મીઠી વાતો અને જાળમાં વૃદ્ધને ફસાવ્યા હતા. ત્યારબાદ તેમને એકાંત જગ્યાએ બોલાવીને અથવા શારીરિક સંબંધો કે ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને તસવીરો અને વીડિયો બનાવવામાં આવ્યા હતા. આ ફોટા અને વીડિયોના આધારે આરોપીઓએ વૃદ્ધ પર માનસિક દબાણ વધાર્યું હતું અને તેમની પાસેથી બદનામીના ડરથી ૧૦ લાખ રૂપિયાની ખંડણીની માંગણી શરૂ કરી હતી. ઉંમરના આ પડાવ પર અચાનક આવેલી આ મુસીબતના કારણે વૃદ્ધ ભારે માનસિક તણાવમાં આવી ગયા હતા અને અપરાધીઓની આ હરકતોથી કંટાળીને આખરે સમગ્ર મામલે પોલીસ મથકે પહોંચીને ન્યાયની ગુહાર લગાવી હતી. વૃદ્ધ પ્રોપર્ટી ડીલરની ફરિયાદને ગંભીરતાથી લઈને સીકર પોલીસની ટીમે તરત જ ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ, કોલ ડિટેલ્સ અને બાતમીદારોની મદદથી એક પછી એક તમામ કડીઓ જોડવાનું શરૂ કર્યું હતું.



વ્યારા સુગરના ખેડૂતોને રૂ. 7.14 કરોડની દિવાળી ભેટ: 2500 ખેડૂતોના બાકી નાણાં ચૂકવવા સરકાર સમક્ષ માંગ

કાંઠા વિસ્તારની ખેડૂતોની જીવાદોરી સમાન કાંઠા સુગર મિલ છેલ્લા બે વર્ષથી બંધ પડી છે



દિવાળીના તહેવાર પહેલાં રાજ્ય સરકારે વ્યારા સુગર ફેક્ટરી સાથે સંકળાયેલા 850થી વધુ ખેડૂતોને રાહત આપવાનો નિર્ણય કર્યો છે. લાંબા સમયથી બાકી રહેલા શેરડી પિલાણના નાણાં પેટે રૂ.7.14 કરોડની રકમ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મારફતે ખેડૂતોના બેંક ખાતામાં જમા કરાવવાનો આદેશ કરવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી વ્યારા વિસ્તારના ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. જોકે, આ નિર્ણય બાદ હવે ઓલપાડ, માંગરોળ અને હાંસોટ પંથકના કાંઠા સુગર સાથે જોડાયેલા ખેડૂતોમાં પણ પોતાના બાકી નાણાં ચૂકવવાની માંગ તેજ બની છે.

કાંઠા સુગર મિલ છેલ્લા બે વર્ષથી બંધ હોવાથી તેની સાથે સંકળાયેલા ખેડૂતોની આર્થિક મુશ્કેલીઓ વધી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, આશરે 2,500 નાના અને સીમાંત ખેડૂતોના 50 હજાર ટનથી વધુ શેરડીના પિલાણ પેટે અંદાજે રૂ.6થી 7 કરોડની રકમ હજુ સુધી ચૂકવાઈ નથી. શેરડીનું ઉત્પાદન કરવા માટે કરેલા ખર્ચ અને મહેનત બાદ પણ પોતાના હકના નાણાં ન મળતાં ખેડૂતો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

કાંઠા વિસ્તારના ખેડૂતો માટે સુગર મિલ આવકનું મહત્ત્વનું સાધન રહી છે. પરંતુ મિલ બંધ થયા બાદ શેરડીના પિલાણનાં નાણાં અટવાઈ જતાં અનેક પરિવારોની આર્થિક સ્થિતિ પર અસર પડી હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. બીજી તરફ, ક્રસ્ટોડિયન કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલા ભાવોને લઈને પણ ખેડૂતોમાં અસંતોષ હોવાનું સામે આવ્યું છે.

ખેડૂત આગેવાન જયેશ દેલાડે જણાવ્યું હતું કે વ્યારા સુગરના ખેડૂતોને રૂ.7 કરોડથી વધુની રકમ DBT મારફતે ચૂકવવાનો સરકારનો નિર્ણય આવકારદાયક છે. જોકે, કાંઠા સુગરના ખેડૂતોના પણ છેલ્લા બે વર્ષથી શેરડીના નાણાં બાકી છે. 50 હજાર ટનથી વધુ શેરડીના પિલાણ પેટે આશરે રૂ.6થી 7 કરોડ ચૂકવવાના બાકી હોવા છતાં ખેડૂતોને રાહત મળી નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ મુદ્દે ખાંડ નિયામક અને રાજ્ય સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. ખેડૂતોની મહેનતની કમાણી સમયસર ચૂકવાય તે જરૂરી છે. સરકાર વ્યારા સુગરના ખેડૂતો માટે જે રીતે સહાય કરી રહી છે, તેવી જ રીતે કાંઠા સુગરના ખેડૂતોની સમસ્યાનો પણ ઉકેલ લાવવો જોઈએ.

જયેશ દેલાડે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકને પણ કાંઠા સુગરના ખેડૂતોને સહયોગ આપવા અપીલ કરી છે. તેમના મતે, વ્યારા સુગરના ખેડૂતો માટે જે રીતે સહકારી બેંકે સહયોગ આપ્યો છે, તેવી જ રીતે કાંઠા વિસ્તારના ખેડૂતોને પણ બાકી નાણાં અપાવવામાં મદદ કરવી જોઈએ.

હાલ ખેડૂતો રાજ્ય સરકાર અને સહકારી તંત્ર પાસે વહેલી તકે નિર્ણય લેવાની માંગ કરી રહ્યા છે. દિવાળીના તહેવાર દરમિયાન બાકી નાણાં મળી રહે તો આશરે 2,500 ખેડૂતો અને તેમના પરિવારોને આર્થિક રાહત મળી શકે તેમ છે. હવે વ્યારા સુગરના ખેડૂતો માટે લેવાયેલા નિર્ણય બાદ કાંઠા સુગરના ખેડૂતોને પણ રાહત મળે છે કે કેમ તેના પર સૌની નજર છે. જયેશ દેલાડે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકે જે રીતે વ્યારા સુગર માટે ઉમદા અને પ્રશંસનીય સહયોગ આપ્યો છે, તેવી જ રીતે કાંઠા સુગરના ખેડૂતોની વહારે પણ આવે. તહેવારોના સમયે જો કાંઠા સુગરના સભાસદોને પણ તેમના હકના નાણાં ચૂકવી દેવામાં આવે તો હજારો પરિવારોની દિવાળી સુધરી જશે. જેથી રાજ્ય સરકાર અને સહકારી તંત્ર તાત્કાલિક યોગ્ય નિર્ણય લે તેવી ખેડૂતો લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

સુરત ખાલી થવા લાગ્યું!

હોલ્ડિંગ એરિયા હાઉસફુલ, દિવાળી અને છઠ પૂજા માટે વતન જવા ઉધના સ્ટેશને ઉમટ્યું

સુરત

હીરાનગરી અને ટેક્સટાઈલ સિટી સુરતમાં દિવાળી અને છઠ પૂજાના પવિત્ર તહેવારોને લઈને વતનની વાટ પકડતા મુસાફરોનું ભયાનક ઘોડાપૂર જોવા મળી રહ્યું છે. દિવાળીના તહેવારો માણવા માટે લાખોની સંખ્યામાં પરપ્રાંતીય અને સ્થાનિક કારીગરો તથા શ્રમિકો પોતાના વતન જવા રવાના થતાં જ જાણે સુરત શહેર ખાલી થવા લાગ્યું છે. ખાસ કરીને ઉધના રેલવે સ્ટેશન પર સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે, જ્યાં મુસાફરોનો ભારે જમાવડો થતાં રેલવે તંત્ર દ્વારા બનાવવામાં આવેલો વિશાળ હોલ્ડિંગ એરિયા પણ ટૂંકો પડ્યો છે અને સંપૂર્ણપણે 'હાઉસફુલ' થઈ ગયો છે.

ઉધના રેલવે સ્ટેશન પર સવારથી જ હજારોની સંખ્યામાં મુસાફરો પોતાની બેગ-બિસ્તરા સાથે લાઈનો લગાવીને ઉભા રહી ગયા છે. યુપી, બિહાર અને ઓડિશા તરફ જતી ટ્રેનોમાં પગ મૂકવાની પણ જગ્યા ન હોવા છતાં લોકો વતન પહોંચવા માટે ભારે મથામણ કરી રહ્યા છે. સ્ટેશન પર ભીડને નિયંત્રિત કરવા માટે રેલવે પ્રશાસન અને પોલીસ દ્વારા કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, છતાં પણ ટ્રેનોના સમય અને મુસાફરોના અવિરત પ્રવાહ સામે તમામ વ્યવસ્થાઓ ઓછી પડી રહી છે. વતન પહોંચવાની લાહયમાં મુસાફરો સ્ટેશન અને હોલ્ડિંગ એરિયામાં ૫ થી ૧૦ કલાક સુધી આકરા તડકામાં અને ભીડ વચ્ચે બેસી રહેવા મજબૂર બન્યા છે. નાના બાળકો, મહિલાઓ અને વડીલો સાથે મુસાફરી કરી રહેલા લોકો ભારે હાડમારી ભોગવી રહ્યા છે. સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી હોવા છતાં મુસાફરોનો ધસારો એટલો અકલ્પનીય છે કે દરેક ટ્રેન પ્લેટફોર્મ પર આવતાની સાથે જ મુસાફરોથી ખીચોખીચ ભરાઈ જાય છે.તહેવારોની આ સિઝનમાં સુરતના રેલવે સ્ટેશનો પર જોવા મળી રહેલું આ માનવમહેરામણ કાયદો-વ્યવસ્થા અને સુરક્ષા તંત્ર માટે પણ મોટો પડકાર બની ગયું છે. વહીવટી તંત્ર દ્વારા મુસાફરો માટે પીવાના પાણી અને છાંયડાની સુવિધાઓ વધારવાના દાવા કરાઈ રહ્યા છે, પરંતુ ભીડ એટલી વિકરાળ છે કે મુસાફરોની યાતનાઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી.

કતારગામમાં મહિલા તબીબના મોતથી ચકચાર

લગ્નજીવનમાં વિખવાદ વચ્ચે 25 વર્ષીય BHMS મહિલા તબીબનું મોત

સુરત

શહેરના કતારગામ વિસ્તારમાં લગ્નજીવનમાં ચાલી રહેલા વિખવાદ વચ્ચે 25 વર્ષીય BHMS મહિલા તબીબનું ઝેરી દવા પીધા બાદ સારવાર દરમિયાન મોત નીપજતાં ચકચાર મચી ગઈ છે. કતારગામના લેકવ્યુ ગાર્ડનમાં ઝેરી દવા પીધેલી હાલતમાં મળી આવેલી મહિલા તબીબને તાત્કાલિક સારવાર માટે વિનસ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, હોસ્પિટલમાં આશરે ચાર કલાકની સારવાર બાદ તેનું મોત થયું હતું. ઘટનાસ્થળેથી સ્યુસાઈડ નોટ મળી આવતાં પોલીસે સમગ્ર મામલે તપાસ તેજ કરી છે.

પ્રાથમિક વિગતો અનુસાર, મૃતક મહિલા તબીબનાં લગ્ન ભાવનગરના એક BHMS તબીબ સાથે થયાં હતાં. લગ્નજીવન શરૂ થયાના આશરે છ મહિના બાદ પતિ દ્વારા છૂટાછેડાની માંગણી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતને લઈને બંને વચ્ચે વિખવાદ ચાલી રહ્યો હતો. લગ્નજીવનમાં ઊભી થયેલી સમસ્યાનો ઉકેલ લાવવા માટે છેલ્લા બે મહિનાથી બંને પરિવારોના સભ્યો દ્વારા સમાધાનના પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન મહિલા તબીબે કતારગામના લેકવ્યુ ગાર્ડનમાં ઝેરી દવા પી લીધી હતી. બનાવની જાણ થતાં તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. વિનસ હોસ્પિટલમાં તબીબોની ટીમે તેની સારવાર શરૂ કરી હતી. જોકે, ચાર કલાક સુધી જીવન બચાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છતાં મહિલા તબીબનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી. ઘટનાસ્થળેથી સ્યુસાઈડ નોટ મળી આવી હોવાનું સામે આવ્યું છે. આ નોટમાં શું લખવામાં આવ્યું છે અને તેમાં કોઈ વ્યક્તિ કે ઘટનાનો ઉલ્લેખ છે કે કેમ તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. સ્યુસાઈડ નોટની વિગતોની ચકાસણી કર્યા બાદ જ તેના આધારે કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકાશે. આ મામલે પી.આઈ. ગોહિલે તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોનાં નિવેદનો નોંધવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. લગ્નજીવનમાં ચાલી રહેલા વિખવાદ, પતિ દ્વારા છૂટાછેડાની માંગણી અને બંને પરિવારો વચ્ચે થયેલા સમાધાનના પ્રયાસો સહિતના તમામ પાસાઓની તપાસ કરવામાં આવશે.

કપરાડાના વાવર ગામે ચંદરજ્યોતનાં ઝેરી ફળ ખાવાથી નવ બાળકોને ફૂડ પોઇઝનિંગ, ચારની હાલત ગંભીર

કપરાડા (વલસાડ)

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના વાવર ગામના ચિપપાડા ફળિયામાં ચંદરજ્યોતના ઝાડનાં ફળ ખાવાથી નવ બાળકોને ફૂડ પોઇઝનિંગની અસર થઈ હતી. નદીમાં સ્નાન કરવા ગયા બાદ અંદાજે 5થી 12 વર્ષનાં બાળકોએ ઝાડનાં ફળ ખાધાં હતાં. ત્યારબાદ બાળકોને નશો ચડવા સાથે ઉલટીઓ શરૂ થઈ હતી. કેટલાક બાળકો બેભાન થઈ જતાં પરિવારજનોમાં દોડધામ મચી હતી. બાળકોની તબિયત લથડતાં તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. ચાર બાળકોની હાલત ગંભીર જણાતાં 108 એમ્બ્યુલન્સ મારફતે ધરમપુર સિવિલ હોસ્પિટલમાં રેફર કરવામાં આવ્યાં હતાં. જ્યારે અન્ય પાંચ બાળકોને સુથારપાડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે સારવાર આપવામાં આવી રહી હતી. ધરમપુર સિવિલ હોસ્પિટલમાં રેફર કરાયેલાં બાળકોમાં શિવું મહેશ (8), દિવ્યા અશોક (8), પંકજ ધીરુ ભોંયા (8) અને કલ્પેશ ધીરુ ભોંયા (12)નો સમાવેશ થાય છે. જ્યારે સુથારપાડા CHCમાં પ્રિયંકા મહેશ (8), પૂનમ ધીરુ ભોંયા (7), આરતી અશોક (12), રાજેશ સંદેશ (11) અને ઈન્દુ અશોક (8)ને સારવાર આપવામાં આવી રહી છે.

11 વાહનો સહિત ૩.50.21 લાખનો મુદ્દામાલ કબજે

કરજણમાં SMCની મોટી રેડ: 26.61 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

6 મહિનાથી આંખ આડા કાન કરનારા ડીનને ફટકારાઈ શૉ-કોઝ નોટિસ

વડોદરા



વડોદરા ગ્રામ્ય જિલ્લાના કરજણ પોલીસ મથકની હદમાં સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)એ મોટી કાર્યવાહી કરી હતી. કરજણ ગામમાં એસ.ટી. ડેપો સામે આવેલા ઠાકોરવાસમાં જોગણી માતાના મંદિર પાસે, આરોપીઓનાં મકાનોમાં તેમજ સોસાયટીમાં અલગ-અલગ જગ્યાએ પાર્ક કરેલાં વાહનોમાં દરોડા પાડીને ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની આશરે ૧૭૧ પેટી, બોટલ નંગ ૫૨૪૦, જેની કિંમત રૂ.૨૬,૬૧,૯૯૯ થાય છે, તે જથ્થો ઝડપી પાડ્યો હતો. SMCના પોલીસ ઇન્સ્પેક્ટર વાય.જે. રાઠોડની ટીમે દરોડા દરમિયાન દારૂ ઉપરાંત ૧૧ વાહનો, પાંચ મોબાઈલ ફોન અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૫૦,૨૧,૯૯૯નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહીથી કરજણ વિસ્તારમાં દારૂના નેટવર્કમાં સંડોવાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. દરોડા દરમિયાન મહેન્દ્રકુમાર જીતુભાઈ ઠાકોર, પ્રશાંતકુમાર વિસરામભાઈ શાંખલા અને અક્ષયકુમાર જસવંતભાઈ વસાવા એમ ત્રણ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે ચિરાગ રાજુભાઈ ઠાકોર, ડી.કે. નામનો ઈસમ તથા પકડાયેલાં વાહનોના માલિકો અને કબજેદારો મળી ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા હતા. આ મામલે કરજણ પોલીસ સ્ટેશનમાં પ્રોહી. એક્ટ હેઠળ પ્રોહિબિશન એક્ટ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમો મુજબ ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કરમસદ-આણંદ મહાનગરપાલિકાની ડમ્પિંગ સાઇટ પર સરપ્રાઇઝ ચેકિંગ:

અંદરના દ્રશ્યો જોઈને ચોંકી જશો! પરવાનગી માંગતા જ અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ

આણંદ

કરમસદ-આણંદ મહાનગર પાલિકા વિસ્તારમાં વહીવટી તંત્રની પોલ ખોલતી અને આંખ ઉઘાડી નાખતી એક અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે. આણંદ સેવાસદનની હદમાં આવેલી ડમ્પિંગ સાઈટ પર અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવતાં પાલિકાના ભ્રષ્ટ વહીવટ અને બેદરકારીની કાળી બાજુ લોકો સામે ઉજાગર થઈ છે. ડમ્પિંગ સાઈટ પર ચાલતી કચરા નિકાલ અને પ્રોસેસિંગની વાસ્તવિક પરિસ્થિતિ જાણવા માટે જ્યારે સ્થળ તપાસ કરવામાં આવી, ત્યારે અંદરના ચોંકાવનારા અને આંખ ફાટી જાય તેવા કિસ્સાઓ જોવા મળ્યા હતા. મહાનગરપાલિકાની ડમ્પિંગ સાઈટ પર અચાનક પહોંચતા જ પ્રથમ નજરે એવું લાગ્યું કે અહીં સુરક્ષા અને વ્યવસ્થાના ભાગરૂપે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગેટ પાસે આવેલા વજન કાંટા (વે બ્રિજ) પર જઈને ત્યાં હાજર કર્મચારીઓ અને અંદર બેઠેલા એક યુવાનને સામાન્ય પૂછપરછ કરવામાં આવી, તો તેણે તુરંત જ રોકડું પરખાવી દીધું હતું કે, 'તમે અંદર જઈ શકો નહીં, તેના માટે અગાઉથી પરવાનગી લેવી પડશે!' જ્યારે તે યુવાનને વધુ ભારપૂર્વક કહેવામાં આવ્યું અને તેના ઉપરી અધિકારી 'રાવ સાહેબ'ને ફોન કરીને અંદર પ્રવેશવા દેવા બાબતે વાતચીત કરાઈ, ત્યારે પણ એ જ રટણ ચાલુ રહ્યું કે નિયમ મુજબ પરમીશન વગર અંદર પ્રવેશ અશોક્ય છે. વાતચીતમાં વધુ સ્પષ્ટતા કરવા માટે જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી સાથે ટેલિફોનિક સંપર્ક સાધવામાં આવ્યો, ત્યારે તેમણે પણ ઔપચારિકતા ખાતર પરવાનગી લેવી પડશે તેમ જણાવ્યું હતું. આંતરિક કામગીરી અને પ્રોસેસિંગ પદ્ધતિ પારદર્શક હોય તો અંદર જવામાં કોઈ ડર ન હોવો જોઈએ, તેવો સ્પષ્ટ તર્ક રજૂ કરવામાં આવ્યો. અમોએ પાયાની રજૂઆત કરી કે, 'અમારે માત્ર એ જોવું છે કે ડમ્પિંગ સાઈટ પર કચરાની પ્રોસેસિંગ કેવી રીતે થાય છે? અહીં સરકારી નિયમો મુજબ કામગીરી સાચે જ જમીની સ્તરે થઈ રહી છે કે પછી માત્ર કાગળ પર જ કારોબાર ચાલે છે?' આ પ્રકારની મક્કમ અને ડાંડાઈ વગરની વાતચીત બાદ આખરે અંદર પ્રવેશવાની મંજૂરી મળી ગઈ હતી. પરંતુ, જેવું ડમ્પિંગ સાઈટની અંદર પગ મૂકવામાં આવ્યો અને વાસ્તવિક સ્થિતિ નજરે પડી, ત્યારે ત્યાંના દ્રશ્યો જોઈને સૌ કોઈ ચોંકી ઊઠ્યા હતા. અંદર ચાલી રહેલી પ્રક્રિયા અને ગેરરીતિઓના ચોંકાવનારા કિસ્સાઓએ તંત્રની લાપરવાહીની પોલ ખોલી નાખી છે.

કરમસદ-આણંદ મહાનગરપાલિકાની ડમ્પિંગ સાઈટ પર મોટો ભ્રષ્ટાચાર: સામાન્ય નાગરિકો અને મીડિયા માટે પ્રતિબંધ

કામ કર્યા વગર ખોટી સહીઓ કરાવતા AMC ના ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે સ્થાનિકોનો ઉગ્ર આક્રોશ, ચૂંટણીમાં નેતાઓને ચંપલનો હાર પહેરાવવાની આપી ચીમકી

આણંદ

કરમસદ-આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં વહીવટી તંત્ર અને સત્તાધીશોની મિલીભગતથી ચાલતા કાળા કારનામાઓનો વધુ એક પર્દાફાશ થયો છે. આણંદ સેવાસદનની હદમાં આવેલી ડમ્પિંગ સાઈટ પર હાલ શું ચાલી રહ્યું છે અને ત્યાં કેવા પ્રકારના ગોરખધંધા થઈ રહ્યા છે, તેને લઈને અત્યંત ગંભીર સવાલો ઊભા થયા છે. ડમ્પિંગ સાઈટ પર સામાન્ય લોકો અને મીડિયાકર્મીઓ માટે પ્રવેશબંધીના કડક નિયમોના બણગા ફૂંકવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા તેનાથી તદ્દન વિપરીત હોવાનો ઘટસ્ફોટ થયો છે! ગેટ પર મીડિયા અને પ્રજા માટે રોકટોક, જ્યારે ભંગારના ટેમ્પો માટે ખુલ્લા દરવાજા!

જ્યારે ડમ્પિંગ સાઈટ પર જઈને તપાસ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે ગેટ પર જ તંત્રના કર્મચારીઓ દ્વારા કડક શબ્દોમાં પરવાનગીના નાટક કરીને અંદર જવાની સાફ મનાઈ ફરમાવી દેવામાં આવી હતી. તંત્ર દ્વારા એવો દંભ કરવામાં આવે છે કે સુરક્ષા અને નિયમોના કારણે કોઈ અંદર જઈ શકે નહીં. પરંતુ મોટો સવાલ એ છે કે જો સામાન્ય જનતા અને જવાબદાર મીડિયાકર્મીઓ માટે અંદર પ્રવેશવા પર પ્રતિબંધ હોય, તો પછી ભંગાર ભરેલા ટેમ્પો અને અનધિકૃત વાહનો બેરોકટોક અને કોઈપણ અડચણ વગર ડમ્પિંગ સાઈટની અંદર કેમ પહોંચી જાય છે? શું આ કોઈ મોટા વહીવટ, હપ્તાખોરી અને મિલીભગતનું પરિણામ નથી?

ડમ્પિંગ સાઈટના અંદરના દ્રશ્યો અત્યંત ચોંકાવનારા છે. ત્યાં સ્થાપિત કરવામાં આવેલા કચરા પ્રોસેસિંગ મશીનો હકીકતમાં ધૂળ ખાઈ રહ્યા છે અને બંધ હાલતમાં પડેલા છે. જો પ્રોસેસિંગ મશીનો જ બંધ છે, તો પછી રોજબરોજ આવતા લાખો ટન કચરાનો નિકાલ કઈ રીતે થાય છે? કાગળો પર માત્ર ભ્રષ્ટ વહીવટ ચલાવીને સરકારી ગ્રાન્ટ અને જનતાના ટેક્સના કરોડો રૂપિયાની મલાઈ કયા અદ્રશ્ય હાથો ખાઈ રહ્યા છે?

આવા સળગતા સવાલો અને ભ્રષ્ટાચારની વાસ્તવિકતા બહાર ન આવે અને જનતા સુધી સત્ય ન પહોંચે, તે માટે જ શું પરવાનગીના આ નાટક અને પ્રતિબંધોના નિયમો માત્ર મીડિયાકર્મીઓ પર દબાણ લાવવા માટે જ બનાવવામાં આવ્યા છે? તંત્રની આ પોલ ખુલી જવાની બીકથી જ અંદર જવા પર રોક લગાવવામાં આવી રહી છે જેથી ડમ્પિંગ સાઈટ પર ચાલતા તમામ કાળા કારનામાઓ છુપાવી શકાય.

હિંમતનગરમાં દેશી દારૂની ભઠ્ઠી પર SMCના દરોડા, 1.66 લાખનો મુદ્દામાલ જપ્ત

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)એ દેશી દારૂની ભઠ્ઠી પર દરોડો પાડી દેશી દારૂ, વોશ અને વિદેશી દારૂ-બીયરનો જથ્થો મળી કુલ રૂ.1,66,330નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

SMCના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે.ચાવડાની ટીમે કઠવાડીયા ગામે રહેતા વિનુસિંહ ચકુસિંહ ઝાલા અને રાજેન્દ્રસિંહ વિનુસિંહ ઝાલાના મકાન આગળની ખુલ્લી જગ્યામાં તેમજ તેમના કબજાના ખેતરમાં દરોડો પાડ્યો હતો. જેમાં 370 લીટર દેશી દારૂની કિંમત રૂ.74 હજાર અને 2,080 લીટર વોશની કિંમત રૂ.54 હજાર મળી કુલ રૂ.1.28 લાખનો જથ્થો મળી આવ્યો હતો.

આ ઉપરાંત ભારતીય બનાવટની દારૂ-બીયરની 95 બોટલ કિંમત રૂ.35,980 તથા દેશી દારૂની ભઠ્ઠી ચલાવવા માટે ઉપયોગમાં લેવાતા એલ્યુમિનિયમના છ ડેગલા, છ ટાંકી, એક ડ્રમ, 30 કિલો લાકડાં અને ત્રણ પાઈપ સહિત અન્ય સાધનો કબજે કર્યાં હતાં.

ચાર મહિનાથી ગુમ યુવાનનો કોઈ જ પત્તો નહીં મળતા રાપરના પરિવારની દિવાળી વેદનામાં ફેરવાઈ

કચ્છ

કચ્છ જિલ્લાના રાપર પંથકમાંથી એક અત્યંત હૃદયદ્રાવક, સંવેદનશીલ અને આંખો ભીની કરી દેતી ઘટના સામે આવી છે. રાપરનો એક યુવાન છેલ્લા ચાર મહિનાથી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગયો છે અને ચાર-ચાર મહિના લાંબો સમય વીતી જવા છતાં તેનો કોઈ જ પત્તો કે ભાળ મળી નથી. આઝાદી અને તહેવારોના પર્વ વચ્ચે જ્યાં આખો દેશ દિવાળીની ખુશીઓ મનાવી રહ્યો છે, ત્યાં આ કમનસીબ પરિવાર માટે દિવાળીના દિવસો ખુશીઓના બદલે અસહ્ય વેદના, આંસુ અને દર્દના દિવસો બનીને રહી ગયા છે. ચોતરફ દિવાળીના દીવાઓ જળહળી રહ્યા છે, ત્યારે આ અભાગા માતા-પિતા અને પરિવારજનોના ઘરમાં ચિંતા અને અંધકાર છવાયેલો છે. પોતાના વ્હાલસોયા દીકરાને ચાર મહિનાથી શોધવા માટે પરિવાર દર દર ઠોકરો ખાવા મજબૂર બન્યો છે.

મળતી વિગતો અનુસાર, રાપર વિસ્તારનો આ યુવાન અચાનક ક્યાં અદ્રશ્ય થઈ ગયો તેની કોઈ સચોટ માહિતી હજુ સુધી સામે આવી શકી નથી. યુવાનના ગુમ થયાની શરૂઆતથી જ પરિવાર દ્વારા પોલીસ મથકમાં સઘન તપાસ માટે ગુમ થયાની નોંધ કરાવાઈ હતી. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે ચાર મહિના જેટલો લાંબો સમય વીતી જવા છતાં પોલીસ તંત્ર કે તપાસ એજન્સીઓ આ યુવાન સુધી પહોંચવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. દીકરાની એક ઝલક મેળવવા અને તેની કુશળતા જાણવા માટે પરિવાર પોલીસ સ્ટેશનો, એસપી કચેરી તેમજ વિવિધ સરકારી વિભાગો અને અધિકારીઓની દયા પર આધાર રાખીને દરવાજે દરવાજે ધક્કા ખાઈ રહ્યો છે. કચેરીઓના ચક્કર કાપીને પરિવારના જૂતા ઘસાઈ ગયા છે, પરંતુ ક્યાંયથી પણ કોઈ સંતોષકારક જવાબ કે રાહતના સમાચાર મળ્યા નથી. જ્યાં આખો સમાજ પરિવાર સાથે તહેવારોની ઉજવણી કરી રહ્યો છે, ત્યાં આ પીડિત પરિવાર માટે તહેવારનું કોઈ અસ્તિત્વ જ નથી રહ્યું. ઘરમાં ચૂલો સળગવો મુશ્કેલ બની ગયો છે અને પરિવારજનોની હાલત દયાજનક બની ગઈ છે. માતાની આંખો દરવાજા તરફ તાકીને બેઠી છે કે ક્યારે તેનો દીકરો પાછો ફરશે અને પિતાની લાચારી દીકરાની જુમાં હચમચી ગઈ છે. પરિવારની હવે દુનિયા પાસે કે સરકાર પાસે માત્ર એક જ આજીજી અને આશા છે કે, 'ભગવાન કરે અને અમારો દીકરો હેમખેમ સહીસલામત અમારે આંગણે પાછો ફરી જાય!' આ ગંભીર મામલે કચ્છ પોલીસ તંત્ર અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે સ્પેશિયલ ટીમ બનાવીને ગુમ થયેલા રાપરના આ યુવાનની શોધખોળ માટે યુદ્ધના ધોરણે ચક્રો ગતિમાન કરવામાં આવે તથા ત્વરિત તપાસ કરીને પરિવારને ન્યાય આપવામાં આવે તેવી લોકમુખે ભારે ઉગ્ર માંગ ઉઠી રહી છે.



₹200 કરોડના ખંડણી કેસમાં સાક્ષી છે એક્ટ્રેસ

કોર્ટની ફટકાર બાદ નોરા ફતેહીએ જુબાની આપી, ઠગ સુકેશ સાથે માત્ર કોલ પર વાત કર્યાનો દાવો

મુંબઇ

બોલિવૂડ એક્ટ્રેસ નોરા ફતેહી શુક્રવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થઈ હતી. તેણે કથિત ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા 200 કરોડની વસૂલીના કેસમાં સરકારી પક્ષની સાક્ષી તરીકે પોતાનું નિવેદન નોંધાવ્યું. કોર્ટમાં નોરાએ ભારત આવવા, પોતાના કામ અને ચેન્નાઈમાં સુકેશની પત્ની લીના પૉલોઝ સાથે થયેલી મુલાકાત વિશે માહિતી આપી. સુકેશની પત્નીએ ચેન્નાઈમાં ચેરિટી ઈવેન્ટ યોજી હતી કેસની સુનાવણી એડિશનલ સેશન જજ ગગનદીપ સિંહની અદાલતમાં થઈ. નોરાએ જણાવ્યું કે તે કેનેડાની નાગરિક છે અને મૂળરૂપે મોરોક્કો સાથે સંબંધ ધરાવે છે. તે ભારતમાં ટી-સિરીઝ મ્યુઝિક કંપની સાથે કામ કરવા માટે જારી કરાયેલા વર્ક વિઝા પર આવી હતી. નોરાએ જણાવ્યું કે, ડિસેમ્બર 2020માં તેને ચેન્નાઈમાં એક ચેરિટી કાર્યક્રમ માટે બુક કરવામાં આવી હતી. આ કાર્યક્રમની આયોજક લીના પૉલોઝ (સુકેશ ચંદ્રશેખરની પત્ની) હતી. નોરાને એક્સીડ એન્ટરટેઈનમેન્ટ નામની એજન્સી મારફતે આ કાર્યક્રમ માટે બુક કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તેણે મુખ્ય અતિથિ તરીકે હાજર રહેવાનું અને ડાન્સ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવવાની હતી. આ કેસની આગામી સુનાવણી 30 નવેમ્બરે થશે. નોરાના જણાવ્યા અનુસાર, વિદેશી નાગરિક હોવાને કારણે ભારતમાં કોઈપણ કાર્યક્રમ માટે તેની બુકિંગ મેનેજમેન્ટ કંપની દ્વારા કરવામાં આવતી હતી અને ચુકવણી પણ કંપનીને જ કરવામાં આવતી હતી. નોરાએ જણાવ્યું કે, જ્યારે તે ચેન્નાઈમાં કાર્યક્રમ માટે તૈયાર થઈ રહી હતી, ત્યારે તેની ટીમે તેને જણાવ્યું કે, લીના પોલોઝ પોતાના પરિવાર સાથે તેને મળવા માંગે છે. ત્યારબાદ લીના પોતાના પરિવારના સભ્યો, બે વીડિયોગ્રાફર અને કેટલાક અન્ય લોકો સાથે નોરાના રૂમમાં પહોંચી હતી. તેની સાથે કેટલીક ગિફ્ટ્સ પણ હતી. નોરાએ જણાવ્યું કે સુકેશ સાથે કેવી રીતે વાતચીત થઈ નોરાએ કોર્ટને જણાવ્યું કે મુલાકાત દરમિયાન લીનાએ તેને કહ્યું કે, તેનો પતિ તેની સાથે વાત કરવા માંગે છે અને ચેન્નાઈ આવવા બદલ આભાર માનવા માંગે છે. ત્યારબાદ લીનાએ સુકેશને ફોન કર્યો અને સ્પીકર પર નોરાની સુકેશ સાથે વાત કરાવી.

આ મામલામાં કોર્ટે નોરાને અગાઉ પણ બે વખત સાક્ષી આપવા માટે બોલાવી હતી

'મારી બાયોપિક બની, તો ઘણા લોકો ડૂબી જશે': સલમાન ખાન

સલમાનનો અંગત જીવનના વણકહ્યા કિસ્સા તરફ ઈશારો; રામાનંદ સાગરની 'રામાયણ' જોઈ હોવાનો ખુલાસો કર્યો

મુંબઇ

સલમાન ખાનની સૌથી વધુ પ્રતીક્ષિત ફિલ્મ 'માતૃભૂમિ: મે વૉર રેસ્ટ ઈન પીસ'ના ટ્રેલરનું સ્પેશિયલ પ્રિમિયર શુક્રવાર, 6 નવેમ્બરે મુંબઈમાં લોન્ચ કરવામાં આવ્યું. આ ઈવેન્ટમાં સલમાન ખાન બેફિકર અંદાજમાં જોવા મળ્યો. તેને 'રામાયણ' જોવા અને પોતાના જીવન પર બાયોપિક બનાવવા અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા. તેણે જણાવ્યું કે, તેણે રામાનંદ સાગરની 'રામાયણ' જોઈ છે. બાયોપિક અંગેના પ્રશ્ન પર તેણે કહ્યું કે તેના જીવન પર ફિલ્મ તો ચાલી શકે છે, પરંતુ સાચી બાયોપિક બની તો ઘણા લોકો ડૂબી જશે. ટ્રેલર લોન્ચ દરમિયાન સલમાન ખાનને પૂછવામાં આવ્યું કે, શું તેણે 'રામાયણ' જોઈ છે? તેણે જણાવ્યું કે, હા, તેણે રામાનંદ સાગરની રામાયણ જોઈ છે. સલમાન ખાનને પૂછવામાં આવ્યું કે જો તેના જીવન પર બાયોપિક બનાવવામાં આવે તો તે કેવી હશે? તેણે નિખાલસ અંદાજમાં જવાબ આપ્યો. તેણે કહ્યું કે, તેના જીવન પર ફિલ્મ બને તો તે ચાલી શકે છે, પરંતુ કેટલીક એવી વાતો પણ છે, જેને યોગ્ય રીતે પડદા પર રજૂ કરવામાં આવે તો ઘણા લોકો મુશ્કેલીમાં મુકાઈ જશે. સલમાનના નિવેદને ત્યાં હાજર લોકોનું ધ્યાન ખેંચ્યું. જવાબ રમુજી હતો, પરંતુ તેના દ્વારા તેણે જીવનના તે વણકહ્યા પાસાઓ તરફ પણ ઈશારો કર્યો, જેના વિશે તે ઘણીવાર ખૂલીને વાત કરતો નથી. સલમાન ખાને સાચી બાયોપિકને લઈને સ્પષ્ટ સંકેત આપ્યો કે તેના જીવન પર ફિલ્મ બનાવવી અને તેની દરેક સચ્ચાઈ પડદા પર ઉતારવી.



બોક્સ ઓફિસ પર ધમાલ મચાવ્યા બાદ OTT પર આવશે 'હનુમાન અંશ'

ફિલ્મનું કુલ વર્લ્ડવાઇડ કલેક્શન આશરે રૂપિયા 453.22 કરોડ સુધી પહોંચ્યું હતુ

મુંબઇ

આ વર્ષની સૌથી આશ્ચર્યજનક સફળતા મેળવનારી ફિલ્મોમાં સામેલ ફિલ્મ 'હનુમાન અંશ' હવે ઓટીટી પ્લેટફોર્મ પર ધમાકેદાર એન્ટ્રી કરવા જઈ રહી છે. નીમ કરોલી બાબાના જીવન અને આધ્યાત્મિક સફર પર આધારિત આ ફિલ્મ 27 નવેમ્બરથી SonyLiv પર સ્ટ્રીમ થશે. થિયેટરમાં ફિલ્મ જોયા બાદ હવે જે દર્શકો તેને ઘરે બેઠા જોવા માગે છે તેમના માટે આ સારા સમાચાર છે. ફિલ્મના ડિરેક્ટર વિશાલ ચતુર્વેદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેની ડિજિટલ રિલીઝની તારીખ જાહેર કરી છે. ફિલ્મની સૌથી ખાસ વાત એ છે કે માત્ર રૂપિયા 2 કરોડના નાનકડા બજેટમાં બનેલી 'હનુમાન અંશ'એ બોક્સ ઓફિસ પર જબરદસ્ત કમાણી કરી છે. નવભારત ટાઈમ્સના અહેવાલ અનુસાર, ફિલ્મે ભારતમાં 92 દિવસમાં રૂપિયા 342.75 કરોડનું નેટ કલેક્શન કર્યું છે. આ રીતે ફિલ્મે પોતાના બજેટની સરખામણીમાં લગભગ 17,022 ટકા નફો નોંધાવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઓછી જાણીતી સ્ટારકાસ્ટ અને ધાર્મિક વિષય હોવા છતાં ફિલ્મે દર્શકોનું ખાસ ધ્યાન ખેંચ્યું છે.

ફિલ્મની શરૂઆત જોકે બહુ ધીમી રહી હતી. 7 ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થયેલી આ ફિલ્મે પહેલા દિવસે માત્ર રૂપિયા 10 લાખની કમાણી કરી હતી. શરૂઆતના બે અઠવાડિયામાં પણ ફિલ્મનું કલેક્શન આશરે રૂપિયા 1.50 કરોડ સુધી જ પહોંચ્યું હતું. ચોથા અઠવાડિયાથી ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર દર અઠવાડિયે રૂપિયા 60 કરોડથી વધુનું નેટ કલેક્શન નોંધાવ્યું હતું. ડૉ. વિશાલ ચતુર્વેદીના લેખન અને દિગ્દર્શન હેઠળ બનેલી આ ફિલ્મ તેમની પુસ્તક 'ડિવાઈન ડિટૂર: ધેટ ચેન્જ્ડ માય લાઈફ' પર આધારિત છે. ફિલ્મમાં શોભિનવ સત્યાએ મુખ્ય ભૂમિકા ભજવી છે, જ્યારે વિહાન શેડગે, ચંદન આનંદ, પૂર્ણિમા તિવારી, અનિલ રસ્તોગી, ગુલશન પાંડે અને ભગવાનદાસ પટેલ સહિતના કલાકારો પણ મહત્વની ભૂમિકામાં જોવા મળે છે. ફિલ્મની સફળતા બાદ ઉત્તરાખંડમાં આવેલા નીમ કરોલી બાબા સાથે સંકળાયેલા કૈંચી ધામમાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો નોંધાયો હોવાના અહેવાલ છે.





યશના રાવણના પાત્રને અવાજ આપવો શરદ કેલકર માટે બન્યો સૌથી મોટો પડકાર!

શરદે જણાવ્યું કે યશ ખૂબ જ સારો અભિનેતા છે અને રાવણની ભૂમિકા માટે તેનાથી વધુ યોગ્ય પસંદગી કોઈ હોઈ શકે નહીં

મુંબઇ

નિતેશ તિવારીની બહુચર્ચિત ફિલ્મ 'રામાયણ' સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચુકી છે. ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન શ્રીરામ, સાઈ પલ્લવી માતા સીતા અને યશ રાવણની ભૂમિકામાં જોવા મળી રહ્યા છે. ફિલ્મ રિલીઝ થયા બાદ યશના રાવણના પાત્ર અને તેના દમદાર અભિનયની ખૂબ ચર્ચા થઈ રહી છે. જોકે, ઘણા દર્શકો કદાચ નહીં જાણતા હોય કે ફિલ્મના હિન્દી વર્ઝનમાં યશના રાવણના પાત્રને અભિનેતા શરદ કેલકરે પોતાનો અવાજ આપ્યો છે. હવે શરદે આ ડબિંગના અનુભવ વિશે અનેક રસપ્રદ ખુલાસા કર્યા છે. શરદ કેલકરે એક વાતચીતમાં જણાવ્યું હતું કે, નિતેશ તિવારી અને ફિલ્મની કોર ટીમે નક્કી કર્યું હતું કે હિન્દી વર્ઝનમાં યશના પાત્ર માટે તેનો અવાજ લેવામાં આવે. પ્રાઈમ ફોકસના નીરજ સાંઘવી તેના સારા મિત્ર છે. ગયા વર્ષે અભિનેતા રવિ દુબેના ઘરે નિતેશ તિવારી સાથે મુલાકાત દરમિયાન શરદે તેમની સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

તે સમયે નિતેશ ફિલ્મ 'રામાયણ'ની તૈયારીમાં વ્યસ્ત હતા. આખરે આ ફિલ્મના માધ્યમથી બંનેને સાથે કામ કરવાની તક મળી હતી. યશ માટે ડબિંગ કરવું સરળ નહોતું, તે અંગે શરદે જણાવ્યું કે યશ ખૂબ જ સારો અભિનેતા છે અને રાવણની ભૂમિકા માટે તેનાથી વધુ યોગ્ય પસંદગી કોઈ હોઈ શકે નહીં. યશ હિન્દી સારી રીતે બોલે છે, પરંતુ તે મોટાભાગે કન્નડ ભાષામાં વાત કરતો હોવાથી હિન્દી શબ્દોના ઉચ્ચાર અને બોલવાની લયમાં થોડો તફાવત હતો. આ કારણે ટીમને લાગ્યું કે ફિલ્મના હિન્દી વર્ઝનમાં તેના પાત્રને અલગ અવાજ આપવો જોઈએ. જોકે, શરદે યશના કન્નડ વર્ઝનના કામ અને તેના મૂળ અવાજની પણ પ્રશંસા કરી હતી. શરદે યશ સાથે કામ કરવાના અનુભવને પણ યાદ કર્યો હતો. તેના જણાવ્યા અનુસાર, ડબિંગ દરમિયાન યશ સાથે લાંબી વાતચીત થતી હતી અને તે અનેક સૂચનો પણ આપતો હતો.

આલિયા ભટ્ટ અને રણબીર કપૂરે દીકરી રાહાનો ચોથો જન્મદિવસ ધામધૂમથી ઉજવ્યો

મુંબઇ

બોલિવૂડના લોકપ્રિય કપલ આલિયા ભટ્ટ અને રણબીર કપૂરની દીકરી રાહા કપૂરે 6 નવેમ્બરના રોજ પોતાનો ચોથો જન્મદિવસ ઉજવ્યો હતો. આ ખાસ પ્રસંગે આલિયા ભટ્ટે સોશિયલ મીડિયા પર જન્મદિવસની ઉજવણીની કેટલીક સુંદર તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં આખો પરિવાર ખુશીની પળો માણતો જોવા મળી રહ્યો છે. ચાહકોને પણ રાહાના જન્મદિવસની આ તસવીરો ખૂબ પસંદ આવી રહી છે. આલિયા ભટ્ટે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર રાહાના જન્મદિવસની ઉજવણીની અંદરની તસવીરો શેર કરી હતી. એક તસવીરમાં આલિયા અને રણબીર સાથે મળીને રાહાને કેક કાપવામાં મદદ કરતા જોવા મળે છે. આ ખાસ પ્રસંગે રાહા ગ્રે રંગના ચેક્સવાળા સુંદર ડ્રેસમાં જોવા મળી હતી. તેના વાળ નાની-નાની પોનીટેલમાં બાંધેલા હતા. જ્યારે આલિયા ફ્લોરલ આઉટફિટમાં સુંદર લાગી રહી હતી અને રણબીર દીકરી સાથેની આ ખુશીની પળોમાં મગ્ન જોવા મળ્યો હતો.

જન્મદિવસની ઉજવણીમાં બ્લૂઈ થીમ આધારિત કેક ખાસ આકર્ષણનું કેન્દ્ર બની હતી. તસવીરોમાં રાહા ખૂબ જ ઉત્સાહ સાથે પોતાનો જન્મદિવસ માણતી જોવા મળે છે. બીજી એક તસવીરમાં રાહા પોતાના સુંદર ડ્રેસમાં દોડતી જોવા મળે છે,



જ્યારે અન્ય એક તસવીરમાં આલિયા પોતાની દીકરીના ગાલ પર પ્રેમથી કિસ કરતી જોવા મળે છે. માતા અને દીકરી વચ્ચેનો આ પ્રેમભર્યો અંદાજ ચાહકોના દિલ જીતી રહ્યો છે. આલિયાએ આ તસવીરો સાથે ખૂબ જ ટૂંકું પરંતુ લાગણીસભર કેપ્શન પણ લખ્યું હતું. તેણે 'તે ચાર વર્ષની થઈ ગઈ' લખીને રડતી આંખો અને મેઘધનુષ્યનું ઈમોજી શેર કર્યું હતું. જોકે, આલિયાએ આ તસવીરોમાં પણ દીકરી રાહાનો ચહેરો કેમેરાથી છુપાવી રાખ્યો હતો. નોંધનીય છે કે આલિયા અને રણબીર શરૂઆતથી જ પોતાની દીકરીની પ્રાઇવસીનું ખાસ ધ્યાન રાખે છે. રાહાના જન્મદિવસ નિમિત્તે પરિવાર માટે આ દિવસ વધુ ખાસ બની ગયો હતો. ચાર વર્ષની થતી રાહાની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી ચર્ચાનો વિષય બની રહી છે.

ભારતીય ટીમે 135 રનના ટાર્ગેટ સામે 26 ઓવરમાં 7 વિકેટે 113 રન બનાવ્યા હતા

વરસાદી વિઘ્ન વચ્ચે DLS મુજબ ભારતની ન્યૂઝીલેન્ડ સામે 4 રને જીત

મોહાલી

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની બીજી વનડેમાં રોમાંચક મુકાબલો થયો. વેલિંગ્ટનમાં રમાયેલી મેચમાં વરસાદના વિઘ્નથી DLS નિયમ લાગુ પડ્યો. ભારતીય ટીમે 135 રનના ટાર્ગેટ સામે 26 ઓવરમાં 7 વિકેટે 113 રન બનાવ્યા હતા. વરસાદના કારણે મેચ આગળ ન વધતા, DLS નિયમ મુજબ ભારતે 4 રને વિજય મેળવી શ્રેણીમાં બીજી જીત નોંધાવી. કેએલ રાહુલ 26 રન બનાવી નોટઆઉટ રહ્યા હતા India vs New Zealand 2nd ODI: ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ મેચોની વનડે શ્રેણીનો આજે (7 નવેમ્બર) બીજો મુકાબલો રમાયો



હતો. વેલિંગ્ટનના સ્ટેડિયમમાં ભારતીય ટીમને જીત માટે 135 રનનો ટાર્ગેટ મળ્યો હતો. વરસાદના કારણે ઘણા સમય માટે મેચને રોકવાની નોબત આવી હતી. જે બાદ DLS મુજબ ટીમ ઈન્ડિયાએ 4 રને જીત મેળવી છે. વરસાદી વિઘ્ન વચ્ચે મેચમાં 26 ઓવરની રમત થઈ ચૂકી હતી. કેએલ રાહુલ 38 બોલમાં 26 રન બનાવીને રમી રહ્યા હતા, ટીમ ઈન્ડિયાની જીતનો દરોમદાર રાહુલ પર હતો. આકિબ નબી 1 રન પર રમતો હતો જીતવા માટે 21 ઓવરમાં 22 રનની જરૂર હતી. ડકવર્થ લુઈસ નિયમ હેઠળ ભારત ઘણું આગળ હતું, પણ મેચ શરૂ ન થતાં ભારતે ડકવર્થ લુઈસ પ્રમાણે 4 રને જીત હાંસલ કરી વન ડેનો બીજો મુકાબલો પણ જીતી લીધો. ભારત તરફથી સૌથી વધુ રન શ્રેયસ અય્યરે બનાવ્યા. અય્યરે 30 રનની ઈનિંગ રમી, કેએલ રાહુલે 26 રનની અણનમ ઈનિંગ રમી, રોહિત શર્મા 23 રન બનાવીને આઉટ થયા. આજની મેચમાં કોહલી માત્ર 7 રન જ બનાવી શક્યા. ન્યૂઝીલેન્ડ તરફથી કાઈલ જેમીસને 3 વિકેટ ઝડપવામાં સફળતા મેળવી. જેકોબ ડફીએ પણ 3 વિકેટ ઝડપી, હવે શ્રેણીની ત્રીજી મેચ 10 નવેમ્બરે રમાશે.

10 ઓવરમાં 4 મેડન 3 વિકેટ, ઈન્ડિયાનો નવો U19 સ્ટાર

નવી દિલ્હી

અંડર-19 એશિયા કપ 2026માં ભારતીય ટીમના 17 વર્ષીય યુવા ફાસ્ટ બોલર ઈશાન સૂદે નેપાળ સામે તરખાટ મચાવ્યો છે. અલ અમીરાતમાં રમાઈ રહેલી મેચમાં ચંદીગઢના ઈશાને શરૂઆતની ઓવરોમાં જ 3 ધડાધડ વિકેટો ઝડપી વિપક્ષી ટીમને બેકફૂટ પર ધકેલી દીધી હતી. તેણે 10 ઓવરમાં 4 મેડન આપી માત્ર 18 રન ખર્ચી 3 વિકેટો લીધી હતી. એશિયન ક્રિકેટ કાઉન્સિલ અંડર-19 એશિયા કપ 2026ના ચોથા મુકાબલામાં ભારતીય ટીમના યુવા ફાસ્ટ બોલર ઈશાન સૂદે નેપાળ સામે તરખાટ મચાવ્યો છે. અલ અમીરાતમાં રમાઈ રહેલી આ મેચમાં ચંદીગઢના 17 વર્ષીય આ ઝડપી બોલરે શરૂઆતની ઓવરોમાં જ ધડાધડ ત્રણ ઝટકા આપીને વિપક્ષી ટીમને બેકફૂટ પર ધકેલી દીધી હતી. રાહુલ દ્રવિડ અને વિરેન્દ્ર સેહવાગના પુત્રોની હાજરી વચ્ચે ઈશાન સૂદની આ ઘાતક બોલિંગે ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચ્યું છે અને પ્રશંસકો તેમના વિશે જાણવા ભારે ઉત્સુક બન્યા છે. મેચની શરૂઆતથી જ ઈશાન સૂદે અત્યંત સચોટ લાઈન અને લેન્થ સાથે બોલિંગ કરી નેપાળના બેટ્સમેનોને લાચાર બનાવી દીધા હતા: ઈશાન સૂદનો પહેલો શિકાર પ્રસિદ્ધ જૈશી બન્યો, જેને તેણે અર્જુન રાજપૂતના હાથે કેચ આઉટ કરાવીને પેવેલિયન મોકલ્યો હતો. પાંચમી ઓવરના ત્રીજા બોલ પર તેણે સૂર્યાંશુ કોઈરાલાને પણ અર્જુન રાજપૂતના હાથે જ કેચ કરાવીને બીજો ઝટકો આપ્યો હતો. ત્યારબાદ નવમી ઓવરમાં ચોથા ક્રમે બેટિંગ કરવા આવેલા નિશ્ચલ છેત્રીને ચૌહાણના હાથે કેચ આઉટ કરાવીને વિપક્ષી ટીમને ત્રીજો મોટો ફટકો માર્યો હતો.

બિહાર પોતાની પ્રથમ મેચ સૌરાષ્ટ્ર સામે રમશે

વૈભવ સૂર્યવંશીને મળી મોટી જવાબદારી, સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બિહાર ટીમનો કૅપ્ટન બન્યો

નવી દિલ્હી

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2026 માટે બિહારની સિનિયર ક્રિકેટ ટીમનો કૅપ્ટન વૈભવ સૂર્યવંશીને બનાવાયો છે. 14 નવેમ્બરથી ઈન્દોરમાં શરૂ થતી ટ્રોફીની પ્રથમ 2 મેચ માટે 17 સભ્યોની ટીમની કમાન તેને સોંપાઈ છે. સૂરજ કશ્યપ વાઇસ-કૅપ્ટન રહેશે. બિહાર ક્રિકેટ એસોસિએશને શુક્રવારે આ જાહેરાત કરી હતી. બિહાર 14 નવેમ્બરે સૌરાષ્ટ્ર સામે પ્રથમ મેચ રમશે. યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને બિહારની સિનિયર ક્રિકેટ ટીમનો કૅપ્ટન બનાવવામાં આવ્યો છે. તે પહેલીવાર સિનિયર ટીમનું નેતૃત્વ કરશે. 14 નવેમ્બરથી શરૂ થઈ રહેલી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની શરૂઆતની 2 મેચ માટે તેને 17



સભ્યોની ટીમની કમાન સોંપવામાં આવી છે, જ્યારે સૂરજ કશ્યપને ટીમનો વાઇસ-કૅપ્ટન બનાવવામાં આવ્યો છે. બિહાર ક્રિકેટ એસોસિએશન(BCA) દ્વારા શુક્રવારે ટીમની જાહેરાત કરવામાં આવી હતી. બિહાર પોતાની પ્રથમ મેચ 14 નવેમ્બરે ઈન્દોરમાં સૌરાષ્ટ્ર સામે રમશે. સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બિહારને ગ્રૂપ-Bમાં રાખવામાં આવ્યું છે. આ ગ્રૂપમાં દિલ્હી, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, પંજાબ, રેલવે, સૌરાષ્ટ્ર અને તમિલનાડુ જેવી ટીમો પણ સામેલ છે. બિહારની ટીમ પોતાના અભિયાનની શરૂઆત સૌરાષ્ટ્ર સામે કરશે, જેમાં વૈભવ સૂર્યવંશી શરૂઆતની 2 મેચોમાં ટીમની કપ્તાની કરશે. બિહાર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ હર્ષ વર્ધને જણાવ્યું કે કપ્તાની મળવાથી વૈભવને એક લીડર તરીકે આગળ વધવાની તક મળશે. તેમણે કહ્યું કે વૈભવે નાની ઉંમરે શાનદાર પ્રતિભા, આત્મવિશ્વાસ અને રમતની ઊંડી સમજ દર્શાવી છે.

મોહમ્મદ શમીનો મોટો નિર્ણય: ટેસ્ટ ક્રિકેટને કહ્યું અલવિદા

સોશિયલ મીડિયા પર શેર કરી ભાવુક પોસ્ટ

મુંબઇ

ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. 6 નવેમ્બરના રોજ સોશિયલ મીડિયા પર ભાવનાત્મક પોસ્ટ લખીને તેમણે આ નિર્ણય જાહેર કર્યો. શમીએ જણાવ્યું કે, ભારતની ટેસ્ટ જર્સી પહેરવાનું તેમનું બાળપણનું સપનું હતું, જે 13 વર્ષ પછી પૂર્ણ થયું. તેમણે સફેદ જર્સીને અલવિદા કહી, પણ તેની યાદોને નહીં છોડે તેમ જણાવ્યું ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમી હવે ટેસ્ટ ક્રિકેટમાં રમતા જોવા નહીં મળે. શમીએ શુક્રવાર(6 નવેમ્બર)ના રોજ આ ફોરમેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. શમીએ સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ લખીને સફેદ જર્સીને અલવિદા કહ્યું છે. તેમણે જણાવ્યું કે, જ્યારે પહેલી વાર ભારતની ટેસ્ટ જર્સી પહેરી હતી, ત્યારે તેમના મનમાં માત્ર એક જ સ્વપ્ન હતું - દેશ માટે કંઈક કરવું. 13 વર્ષ પછી તે જ તારીખે તેમણે આ સફરને યાદો સાથે વિદાય આપી દીધી. શમીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે, 'હું સફેદ જર્સીને અલવિદા કહી રહ્યો છું, પરંતુ તેની સાથે જોડાયેલી યાદોને ક્યારેય નહીં છોડું.' આ પોસ્ટમાં શમીએ લખ્યું કે, ટેસ્ટ ક્રિકેટ તેના માટે માત્ર એક ફોરમેટ નથી, પરંતુ જીવનનો અત્યંત ખાસ ભાગ રહ્યો છે. આ સફરમાં મળેલી દરેક વિકેટ, દરેક સંઘર્ષ, ઈજા અને દરેક પુનરાગમને તેને કંઈક ને કંઈક શીખવ્યું છે. સાથે



આપનારાઓનો માન્યો આભાર શમીએ પોતાની પોસ્ટમાં એ તમામ લોકોનો આભાર માન્યો, જેઓ તેની ક્રિકેટ કારકિર્દીના સારા અને મુશ્કેલ સમયમાં સાથે ઊભા રહ્યા. શમીએ સાથી ખેલાડીઓ, કોચ, પરિવારના સભ્યો અને કરોડો ભારતીય ફેન્સનો આભાર માન્યો.


બિઝનેસ

નવા સંવત વર્ષની શુભ શરૂઆત કરવા આ સત્રમાં શેર ખરીદવા સમૃદ્ધિદાયક મનાય છે

આજે મુહૂર્ત ટ્રેડિંગ માટે ખુલશે શેર બજાર

મુંબઇ

દિવાળી નિમિત્તે શેરબજારમાં 'મુહૂર્ત ટ્રેડિંગ' માટે રોકાણકારોમાં ભારે ઉત્સાહ છે. BSE અને NSE દ્વારા સાંજે એક કલાક માટે ખાસ ટ્રેડિંગ વિન્ડો ખોલવામાં આવશે. નવા સંવત વર્ષની શુભ શરૂઆત કરવા આ સત્રમાં શેર ખરીદવા સમૃદ્ધિદાયક મનાય છે. રોકાણકારો બ્લુચિપ શેરોમાં રોકાણ કરી નવા નાણાકીય વર્ષના શ્રીગણેશ કરશે. આ વર્ષે કુલ 16 રજાઓ છે. દિવાળીના પવિત્ર તહેવાર નિમિત્તે ભારતીય શેરબજારમાં વર્ષો જૂની પરંપરા મુજબ યોજાનાર વિશેષ 'મુહૂર્ત ટ્રેડિંગ'ને લઈને રોકાણકારો અને ટ્રેડર્સમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હિન્દુ કેલેન્ડર મુજબ નવા સંવત વર્ષની શુભ શરૂઆત કરવા માટે દિવાળીના દિવસે નિયમિત બજાર બંધ રહેવા છતાં સાંજના



સમયે એક કલાક માટે ખાસ ટ્રેડિંગ વિન્ડો ખોલવામાં આવે છે. રોકાણકારો માટે આ સત્રમાં શેર ખરીદવા અત્યંત શુભ અને સમૃદ્ધિદાયક માનવામાં આવે છે.

મુહૂર્ત ટ્રેડિંગમાં શું ઓર્ડર કરી શકાશે? દિવાળી પર્વ પર BSE (બોમ્બે સ્ટોક એક્સચેન્જ) અને NSE (નેશનલ સ્ટોક એક્સચેન્જ) દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ મુહૂર્ત ટ્રેડિંગનું આયોજન કરવામાં આવશે: દિવાળીના દિવસે બજારમાં સામાન્ય સવારનું ટ્રેડિંગ બંધ રહેશે અને માત્ર વિશેષ મુહૂર્ત સત્રનું જ સંચાલન થશે. પ્રી-ઓપનિંગ સેશન પૂર્ણ થયા બાદ નિયમિત એક કલાક માટે બ્લોક ડીલ, ઈક્વિટી અને ડેરિવેટિવ્ઝ માર્કેટમાં સોદાઓ કરી શકાશે. રોકાણકારો આ શુભ મુહૂર્તમાં બ્લુચિપ અને લાંબા ગાળાના પોર્ટફોલિયો શેરોમાં રોકાણ કરીને નવા નાણાકીય વર્ષના શ્રીગણેશ કરશે. આવતીકાલે રવિવારે દિવાળીના દિવસે મુહૂર્ત ટ્રેડિંગ માટે સ્થાનિક શેરબજાર એક કલાક માટે ખુલશે. આ વખતે મુહૂર્ત ટ્રેડિંગનો સમય બપોરે 2:20થી 3:30 વાગ્યા સુધીનો રહેશે. મલ્ટી કમોડિટી એક્સચેન્જ (MCX) બપોરે 2:05થી 2:19 વાગ્યા સુધી એક ખાસ ટ્રેડિંગ સત્ર યોજશે.

મુહૂર્ત ટ્રેડિંગનું પ્રી-સેશન બપોરે 2:05થી 2:10 વાગ્યા સુધી ચાલશે. જ્યારે 2:10થી 2:15 વાગ્યા સુધી લિમિટ ઓર્ડર લેવામાં આવશે. ઓર્ડર મેચિંગ અને કન્ફર્મેશનનો સમયગાળો બપોરે 2:15થી 2:17 વાગ્યા સુધીનો રહેશે. ત્યારપછી બપોરે 2:20 વાગ્યા સુધીનો સમય બફર ટાઈમ રહેશે.

પીલાણ કામગીરી વહેલી શરૂ કરાઇ


ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ વધારી રૂપિયા 42 કરવા માટે રજૂઆત

મુંબઈમાં ઓલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિએશન (AISTA) એ કેન્દ્ર સરકારને ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ ₹31 થી વધારી ₹42 પ્રતિ કિલો કરવા વિનંતી કરી છે

મુંબઇ

મુંબઈમાં ઓલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિએશન (AISTA) એ કેન્દ્ર સરકારને ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ 31 થી વધારી 42 પ્રતિ કિલો કરવા વિનંતી કરી છે. ફેબ્રુઆરી 2019 થી સ્થિર ભાવને કારણે મિલોને ઉત્પાદન ખર્ચથી ઓછા ભાવે ખાંડ વેચવી પડી રહી છે. સરકારે તહેવારોમાં ભાવ નિયંત્રણ માટે વહેલી પીલાણ કામગીરી શરૂ કરવા કરેલા અનુરોધને ધ્યાનમાં રાખી મિલોએ પીલાણ વહેલું શરૂ કર્યું છે.

ખાંડ ઉદ્યોગની સંસ્થા ઓલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિએશન (એઆઈએસટીએ) દ્વારા ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ જે હાલમાં પ્રતિ કિલો રૂપિયા ૩૧



છે તે વધારી રૂપિયા ૪૨ કરવા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

વર્તમાન મોસમ માટે સરકારે શેરડીના જાહેર કરેલા વળતરદાયી ભાવ યોગ્ય હોવાનું એસોસિએશનના ચેરમેન પ્રફૂલ વિઠ્ઠલાણી દ્વારા જારી એક નિવેદનમાં જણાવાયુ હતું. ફેબ્રુરઆરી, ૨૦૧૯થી ખાંડના લઘુત્તમ વેચાણ ભાવ સ્થિર છે અને તે વધારી પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૪૨૦૦ કરવા જોઈએ જેથી ખાંડ મિલોએ તેમના ઉત્પાદન ખર્ચથી નીચા ભાવે ખાંડ વેચવાનો વારો ન આવે તેની ખાતરી રહે.

ઓકટોબરથી શરૂ થયેલી ૨૦૨૬-૨૭ની મોસમ માટે સરકારે શેરડીનો પ્રાપ્તિ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૩૬૫ નિશ્ચિત કર્યો છે.

સરકારના અનુરોધને ધ્યાનમાં રાખી મિલોએ આ વર્ષે પીલાણ કામગીરી વહેલી શરૂ કરી દીધી છે. દેશમાં ખાંડના ઊંચા ભાવને ધ્યાનમાં રાખી તહેવારો દરમિયાન પૂરવઠો વધારી ખાંડના ભાવ અંકૂશમાં રાખવા સરકારે પીલાણ કામગીરી વહેલી શરૂ કરવા અનુરોધ કર્યો હતો.

દરમિયાન ઈથેનોલ ડિસ્ટિલરીસ ઊભી કરવા માટે લેવાયેલી લોન્સના રિપેમેન્ટમાં રાહત પૂરી પાડવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. પેટ્રોલમાં વીસ ટકા ઈથેનોલ મિકસ કરવાના સરકારના કાર્યક્રમને ધ્યાનમાં રાખી મિલો દ્વારા ડિસ્ટિલરીસ ઊભી કરવા મોટી માત્રામાં લોન લેવાઈ છે.

કુલ ભંડાર ઘટીને રૂ. 68.09 લાખ કરોડનો થયો

ભારતના વિદેશી હુંડિયામણમાં રૂ. 24,000 કરોડથી પણ વધુનો ઘટાડો

મુંબઇ

દેશના અર્થતંત્રને મજબૂત રાખવામાં વિદેશી હુંડિયામણ એટલે કે ફોરેન એક્સચેન્જ રિઝર્વ(Forex Reserves)નો બહુ મોટો ફાળો હોય છે. હાલમાં જ રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા (RBI) દ્વારા જાહેર કરાયેલા આંકડાએ ચિંતા વધારી છે. થોડા સમય અગાઉ વિક્રમજનક સપાટીએ પહોંચેલા ભારતના વિદેશી હુંડિયામણમાં હવે અચાનક મોટો ઘટાડો નોંધાયો છે. ચાલો જાણીએ કે આ ઘટાડો કેટલો છે, તેના આંકડા શું કહે છે અને તેની પાછળ કયા કારણો જવાબદાર છે. 30 ઑક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતના કુલ વિદેશી હુંડિયામણમાં $2.691 અબજનો ઘટાડો થયો છે. આ સાથે કુલ ભંડાર ઘટીને



$717.056 અબજ પર આવી ગયો છે. રૂપિયાના મૂલ્યમાં વાત કરીએ તો આ ઘટાડો 24,777 કરોડ રૂપિયાનો છે, જેનાથી કુલ ભંડાર ઘટીને રૂ. 68.09 લાખ કરોડનો થયો છે. વિદેશી હુંડિયામણ મુખ્યત્વે ચાર બાબતોનો બનેલો હોય છે. ચાલો જોઈએ આ સપ્તાહમાં તેમાં કેવા ફેરફાર થયા.

વિદેશી ચલણ સંપત્તિ (FCA): આ ભંડારનો સૌથી મોટો હિસ્સો છે. તેમાં $2.088 અબજનો મોટો ઘટાડો થયો છે અને તે $591.118 અબજ થઈ ગયો છે.

સોનાનો ભંડાર (Gold Reserves): સોનાના ભંડારના મૂલ્યમાં પણ $559 મિલિયનનો ઘટાડો જોવા મળ્યો છે, જેથી તે ઘટીને $102.591 અબજ પર પહોંચી ગયો છે.

સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDR): આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ(IMF)ના SDRમાં $47 મિલિયનનો ઘટાડો થયો છે, જે હવે $18.558 અબજ છે.

ઓકટોબરમાં ઓટો રિટેલ વેચાણમાં 24 ટકા ઘટાડો

- વર્તમાન વર્ષે દશેરા તથા દિવાળી અલગ મહિનામાં આવતા વેચાણ આંક પર અસર

મુંબઇ

વર્તમાન વર્ષના ઓકટોબરમાં ભારતનું ઓટો રિટેલ વેચાણ વાર્ષિક ધોરણે ૨૩.૮૦ ટકા જેટલુ ઘટી ૩૧.૭૨ લાખ એકમ (વાહનો) રહ્યુ હતું. ટુ વ્હીલર્સ તથા ઊતારૂ વાહનોના રજિસ્ટ્રેશનમાં ઘટાડો થયો હતો એમ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના રિપોર્ટમાં જણાવાયુ હતું. જો કે સપ્ટેમ્બરની દ્રષ્ટિએ રિટેલ વેચાણમાં ૨૫ ટકા વધારો જોવા મળ્યો છે. નવેમ્બર માટે ડીલરો આશાવાદી સૂર ધરાવી રહ્યા છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં ઘટાડો કરાયા બાદ દશેરા તથા દિવાળી ઓકટોબરમાં જ આવ્યા હોવાથી ઓટો વેચાણ આંક તે વેળાએ ઊંચો જોવા મળ્યો હતો. જો વર્તમાન વર્ષમાં અધિક મહિનાને પરિણામે દશેરા ઓકટોબરમાં હતા અને દિવાળી નવેમ્બરમાં આવી છે. સામાન્ય રીતે ઓટો રિટેલ વેચાણ આંકની દ્રષ્ટિએ ઓકટોબર સૌથી પ્રોત્સાહક રહેતો હોય છે. ટુ વ્હીલર્સનું રિટેલ વેચાણ ૨૮.૩૫ ટકા ઘટી ૨૩.૨૧ લાખ એકમ રહ્યુ હતું જ્યારે ઊતારૂ વાહનોનું વેચાણ ૪.૨૫ ટકા ઘટી ૫,૦૮,૦૦૦ એકમ રહ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં ટુ વ્હીલર્સનું વેચાણ ૩૪ ટકા ઘટયુ છે જ્યારે શહેરી વિસ્તારમાં ૨૦.૭૫ ટકા ઘટાડો નોંધાયો છે.

ડ્રગ્સ-સાયબર ક્રાઇમથી લઈને કોમનવેલ્થની તૈયારીઓ સુધી ચર્ચા

અમિત શાહની ગુજરાતમાં 4 દિવસની મુલાકાત: અમદાવાદમાં ઉચ્ચસ્તરીય બેઠક



- દક્ષિણ-પશ્ચિમ ઝોન કચેરીએ CM ભૂપેન્દ્ર પટેલ સહિતના અધિકારીઓ સાથે સમીક્ષા; ત્રણ નવા ફોજદારી કાયદાના અમલીકરણ અને આંતરિક સુરક્ષાની સ્થિતિનો તાગ મેળવ્યો

અમદાવાદ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ગુજરાતની ચાર દિવસની મુલાકાત દરમિયાન અમદાવાદમાં રાજ્યની આંતરિક સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની દક્ષિણ-પશ્ચિમ ઝોન કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં રાજ્યની સુરક્ષા વ્યવસ્થા, ગુનાખોરી પર નિયંત્રણ, નવા ફોજદારી કાયદાના અમલીકરણ અને વિવિધ તપાસ એજન્સીઓની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં ભારતીય ન્યાય સંહિતા સહિતના ત્રણ નવા ફોજદારી કાયદાના અમલીકરણની સ્થિતિ અંગે અમિત શાહે વિગતો મેળવી હતી. નવા કાયદા અમલમાં આવ્યા બાદ ગુજરાત પોલીસની તપાસ પ્રક્રિયામાં આવેલા ફેરફારો, ગુનાના સ્થળેથી વૈજ્ઞાનિક ઢબે પુરાવા એકત્ર કરવાની પદ્ધતિ અને કેસોમાં નવી કાયદાકીય જોગવાઈઓના ઉપયોગ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

તપાસની પ્રક્રિયા વધુ ઝડપી અને અસરકારક બને, ગુનાના કેસોમાં પુરાવાનું યોગ્ય દસ્તાવેજીકરણ થાય અને ન્યાયિક પ્રક્રિયામાં વિલંબ ઘટે તે માટે પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે પણ ચર્ચા થઈ હતી. નવા કાયદા હેઠળ પોલીસ અધિકારીઓને આપવામાં આવેલી તાલીમ અને તેના વ્યવહારુ અમલીકરણની સ્થિતિ પણ મહત્ત્વનો મુદ્દો રહ્યો હતો.

ગુજરાતનો લાંબો દરિયાકિનારો સુરક્ષાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ હોવાથી દરિયાઈ માર્ગે થતી ડ્રગ્સની હેરાફેરીનો મુદ્દો પણ બેઠકમાં ચર્ચાયો હતો. દરિયાઈ માર્ગે નશીલા પદાર્થોની ઘૂસણખોરી રોકવા પોલીસ, કોસ્ટ ગાર્ડ અને અન્ય તપાસ એજન્સીઓ વચ્ચે સંકલન વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્ક અને સંગઠિત ગુનાખોરી સામે અત્યાર સુધી હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંગે પણ વિગતો મેળવવામાં આવી હતી.

છેલ્લા સમયમાં ઓનલાઈન નાણાકીય છેતરપિંડી, ડિજિટલ ફ્રોડ અને અન્ય સાયબર ગુનાઓના પડકારને ધ્યાનમાં રાખીને આ ક્ષેત્રે પોલીસની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. સાયબર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓ સુધી પહોંચવા ટેકનિકલ તપાસ, નાણાકીય વ્યવહારોની તપાસ અને વિવિધ એજન્સીઓ વચ્ચે માહિતીની આપ-લે જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આવા ગુનાઓમાં નાગરિકોની ફરિયાદોનું ઝડપી નિરાકરણ આવે અને ગુનામાં વપરાતા નેટવર્ક સામે કાર્યવાહી થાય તે બાબત પણ મહત્ત્વની રહી હતી. બેઠકમાં કોમનવેલ્થ સંબંધિત તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાના મુદ્દાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની વર્તમાન સ્થિતિ અને સુરક્ષા તંત્રની કામગીરી અંગે ચર્ચા થઈ હતી.

સંક્ષીપ્ત સમાચાર

અમદાવાદ કલેકટરને 1 લાખ રૂપિયા કોર્ટમાં જમા કરાવવા હાઈકોર્ટનો આદેશ

જમીન NA કરવાની અરજી મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા સમય મર્યાદા નિયત કરી હોવા છતા અમદાવાદ કલેકટર દ્વારા સમયમર્યાદામાં નિર્ણય ન કરતા કોર્ટે કડક વલણ અપનાવ્યું. અરજદારને ખોટી રીતે હેરાન કરવા બદલ કોર્ટે કલેકટરને 1 લાખ રૂપિયાનો કોસ્ટ કરવામાં આવ્યો. કલેકટરે તેના પગારમાંથીઆ રકમ એક મહિનાની અંદર હાઈકોર્ટ રજિસ્ટ્રીમાં જમા કરાવવી પડશે. જમા થયેલી રકમ અરજીના ખર્ચ પેટે અરજદારને ચૂકવાશે. કોર્ટે નોંધ્યું કે, કોર્ટના આદેશનું પાલન ન કરવું અને સમયસર યોગ્ય પગલાં ન લેવા એ કોર્ટની સત્તા અને ન્યાય પ્રણાલીની અવમાનના સમાન છે. ગુજરાત હાઈકોર્ટમાં એક અરજદારે અરજી દાખલ કરીને જણાવ્યું હતું કે, તેને પોતાની ખેતીની જમીનને બિન-ખેતી કરવા માટે કલેક્ટર સમક્ષ જમીન મહેસૂલ સંહિતાની કલમ 65 હેઠળ અરજી કરી હતી. કલેક્ટરે ગણોત ધારાની કલમ 63ની મંજૂરી ન હોવાના જૂના સોદાઓના કારણોસર અરજી ફગાવી દીધી હતી. કલેક્ટરના આ હુકમ સામે અરજદારે હાઈકોર્ટમાં અગાઉ અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે 2 માર્ચ, 2026ના રોજ કલેક્ટરનો એ આદેશ રદ કર્યો હતો અને અગાઉના ચુકાદાના આધારે અરજદારની નવી અરજી 90 દિવસની સમયમર્યાદામાં નક્કી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

બોટાદના પાળિયાદમાં સગીરા પર દુષ્કર્મનો મામલો:76 વર્ષીય આરોપીની જામીન અરજી રદ

બોટાદના પાળીયાદ પોલીસ મથકે વર્ષ 2025માં 76 વર્ષીય અરજણભાઈ નામના આરોપી સામે BNS અને પોક્સો એક્ટ અંતર્ગત ગુન્હો નોંધાયો હતો. જેને ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરતા, આ અરજી નકારી નાખવામાં આવી છે. અરજદાર વતી વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે અરજદાર 76 વર્ષના સિનિયર સિટીઝન છે. પૈસા પડાવવાના હેતુથી તેમને ખોટી રીતે આ કેસમાં ફસાવવામાં આવ્યા છે. પીડિતાએ આપેલા બાળકનો DNA રિપોર્ટ અરજદારના DNA સાથે મેચ થતો નથી, જે સાબિત કરે છે કે અરજદાર તે બાળકના જૈવિક પિતા નથી. શરૂઆતમાં માત્ર અરજદાર સામે જ ફરિયાદ હતી. પાછળથી સાક્ષીઓના નિવેદનોના આધારે અશોક અને નીલેશ નામના અન્ય બે વ્યક્તિઓને પણ આરોપી બનાવાયા છે અને નીલેશ બાળકના જૈવિક પિતા હોવાનું સામે આવ્યું છે. અરજદાર પ્રોસ્ટેટની બીમારીથી પીડાય છે અને જાતીય સંબંધ બાંધવા માટે અસમર્થ છે. મેડિકલ તપાસ દરમિયાન પણ સિમેન પણ એકત્રિત થઈ શક્યું નહોતું. બનાવ બન્યાના 8 થી 9 મહિના પછી FIR નોંધાવવામાં આવી છે. આ કેસમાં તપાસ પૂરી થઈ ગઈ છે અને ચાર્જશીટ દાખલ થઈ ગયું છે, તેથી કસ્ટડીમાં રાખવાની જરૂર નથી.

મણિનગરમાં પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને દારુ ભરેલી કેટા પકડી: બે બુટલેગરોની ધરપકડ કરી

મણિનગરમાં પોલીસે બાતમીના આધારે ઝઘડીયા બ્રીજ પાસેથી દારુ ભરેલી કેટા ફોરવ્હીલનો ફિલ્મી ઢબે પીછો કરીને દારૂના જથ્થા સાથે બે બુટલેગરની ધરપકડ કરી લીધી છે. પોલીસે દારુ ભરેલી ફોરવ્હીલ ઉભી રાખવવા માટેનો પ્રયાસ કરતા ગાડીમાં સવાર બુટલેગરોએ ફોરવ્હીલ હંકારી મૂકી હતી. પોલીસકર્મીએ એકટીવા પર ફોરવ્હીલમાં સવાર બુટલેગરનો પીછો કરીને દારુ અને ફોરવ્હીલ સહીત કુલ. રૂ.17.31 લાખના મુદ્દામાલ સાથે બે આરોપીની ધરપકડ કરીને દારુ આપનાર અને મંગાવનાર સહીત પાંચ આરોપીઓની શોધખોળ શરુ કરી છે. દિવાળીના તહેવારમાં દારુના થતા ધૂમ વેચાણને રોકવા માટે થઈને શહેર પોલીસે ઠેર ઠેર નાકાબંધી કરીને વાહનોના ચેકિંગ હાથ ધરવાની પ્રક્રિયા શરુ કરી દીધી છે. તેમ છતાં શામળાજી બોર્ડરથી દારુ ભરેલી કેટા કારમાં બે બુટલેગરો વિદેશી દારુ તથા બીયરનો જથ્થો લઈને આવ્યા હતા કાગડાપીઠમાં દારુનો જથ્થો ઠાલવવાના હતા. તેવી બાતમી ઝોન-6 એલસીબી સ્કવોડને મળી હતી. બાતમીદારના આધારે વોચ ગોઠવી કેટા ગાડી આવતા જ બે પોલીસ કોન્સ્ટેબલે ગાડી રોકવાનો પ્રયાસ કર્યો હતો.

બિઝનેસ વિઝાની આડમાં ડ્રગ્સનું આંતરરાજ્ય નેટવર્ક: પોલીસે નાઇજિરિયન માસ્ટરમાઇન્ડને કેરળથી દબોચી લીધો

અમદાવાદના નરોડા વિસ્તારમાંથી અગાઉ ઝડપાયેલા 55.50 લાખ (આંતરરાષ્ટ્રીય બજાર કિંમત આશરે રૂ. 1.85 કરોડ)ના મેફેડ્રોન ડ્રગ્સ કેસમાં ફરાર ચાલી રહેલા મુખ્ય સૂત્રધાર નાઇજિરિયન નાગરિક ચાર્લ્સ ઉર્ફે ફ્રેન્ક ઓકુડીલને નરોડા પોલીસે કેરળના કોલ્લમ ખાતેથી ઝડપી પાડ્યો છે. આરોપી ભારતમાં બિઝનેસ વિઝા પર આવીને આંતરરાજ્ય ડ્રગ્સ રેકેટ ચલાવી રહ્યો હતો. તે માત્ર વોટ્સએપ કોલ મારફતે ડ્રગ્સના બંધાણી યુવાનોને લાલચ આપી ડિલિવરી માટે આગળ રાખતો હતો. આ ચકચારી કેસમાં પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરીને ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. સમગ્ર ઘટનાની વિગત મુજબ, નરોડા પોલીસે ગત 17 સપ્ટેમ્બરે નાના ચિલોડા સર્કલ પાસે આવેલી ચામુંડા ટાયરની દુકાન પાસેથી કર્ણાટકના બેંગલુરુના રહેવાસી નિખીલેશ રમેશ કિન્નપ્પાને 1,850 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે રંગેહાથ ઝડપી લીધો હતો.

જાહેર રોડ ઉપર જન્મદિવસની ઉજવણીમાં ગુનો દાખલ

ભાજપ યુવા મોરચાના વોર્ડ મહામંત્રી મિત્રના જન્મદિવસની જાહેરમાં ઉજવણીમાં સામેલ

અમદાવાદ

અમદાવાદના નરોડા વિસ્તારમાં 108 ઈમરજન્સી સેન્ટર રોડ પર સરદાર પાર્ટી પ્લોટ પાસે ભાજપના યુવા મોરચાના આગેવાન સહિત કેટલાક યુવકો દ્વારા મોડી રાત્રે જાહેર રોડ પર એક જ લાઈનમાં ગાડીઓ ઉભી રાખીને જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી દરમિયાન ગાડીઓ તેમજ જાહેર રોડ પર કેકથી ગંદકી કરવામાં આવી હતી અને આ રીતે રાહદારીઓની જિંદગી જોખમમાં મુકાય તે પ્રકારે આયોજન કરાયું હતું. આ જ સમયે નરોડા પોલીસની PCR વાન પહોંચી અને કર્મચારીઓએ વીડિયો બનાવ્યો હતો. જો કે પોલીસની ગાડી જોતા એક બાદ એક કાર ચાલકો ત્યાંથી નીકળી ગયા હતા. પરંતુ થોડીવાર બાદ ત્યાં પરત ફર્યા હતા. આ સમગ્ર મામલે નરોડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ ઉજવણી ચાલી રહી હતી ત્યારે જ નરોડા પોલીસ સ્ટેશનની PCR વાન ત્યાં આવી પહોંચી હતી. પોલીસ કર્મચારીઓએ આ સમગ્ર ઘટનાનો વીડિયો ઉતારવાનું શરૂ કરતા જ એક બાદ એક તમામ કારચાલકો પોતાની ગાડીઓ લઈને ત્યાંથી નીકળી ગયા હતા. આ ઉજવણીમાં સરદારનગર વોર્ડના ભાજપ યુવા મોરચાના મહામંત્રી રમેશ બાંભા (ભરવાડ)ની ગાડી પણ ત્યાં હાજર હતી. પોલીસને જોઈને સૌ પ્રથમ તેઓ જ પોતાની કાર લઈને ત્યાંથી નીકળી ગયા હતા, જોકે બાદમાં તેઓ પરત સ્થળ પર આવ્યા હતા અને પોલીસ સાથે વાતચીત કરી હતી. આ મામલે જ્યારે દિવ્ય ભાસ્કર દ્વારા રમેશ બાંભાનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો, ત્યારે તેમણે કોઈ જવાબ આપ્યો ન હતો.

નરોડા પોલીસ દ્વારા જાહેર રોડ પર ઉજવણી કરી જોખમ ઊભું કરવા બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે કારના નંબરના આધારે એક વ્યક્તિ વિરુદ્ધ નામજોગ અને રમેશ બાંભા (ભરવાડ)ની ગાડી સહિત અન્ય તમામ કારચાલકોના નંબરોનો ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે.

નરોડા સ્માર્ટ સિટીમાં પડોશી સાથેની તકરારમાં યુવકની કરપીણ હત્યા

અમદાવાદ

અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલી સ્માર્ટ સિટી સોસાયટીમાં સનસનાટીભરી હત્યાની ઘટના સામે આવી છે. રહેણાંક વિસ્તારમાં બનેલી આ સરેઆમ હત્યાના કારણે સમગ્ર પંથક અને સ્થાનિક રહીશોમાં ભારે અરેરાટી સાથે ભયનો માહોલ વ્યાપી ગયો છે. પ્રાથમિક માહિતિ અનુસાર, પડોશીઓ કે સ્થાનિક લોકો વચ્ચે સામાન્ય બાબતે શરૂ થયેલી બોલાચાલી અને તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં આ લોહિયાળ ખેલ ખેલાયો હોવાનું બહાર આવ્યું છે. ઘટનાની વિગત મુજબ નરોડા સ્માર્ટ સિટી પરિસરમાં અંગત વેરઝેર અથવા તો ત્વરિત ઉશ્કેરાટમાં આવીને હુમલાખોરોએ યુવક પર તીક્ષ્ણ અને ઘાતક હથિયારો વડે ઉપરાછાપરી હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ એટલી ક્રૂરતાથી ઘા ઝીંક્યા હતા કે લોહીલુહાણ હાલતમાં ઢળી પેડેલા યુવકને સારવાર અર્થે હોસ્પિટલ પહોંચાડાય તે પહેલાં જ તેણે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. ધોળા દિવસે/મોડી રાત્રે બનેલી આ ચોંકાવનારી વારદાત બાદ સોસાયટીના પરિસરમાં દોડધામ અને ચીસાચીસ મચી ગઈ હતી.

અમદાવાદના શહેરકોટડામાં પીસીબીનો સૌથી મોટો સપાટો

વહીવટદાર ભરતની મિલીભગતથી ધમધમતા હાઈપ્રોફાઈલ જુગારધામ પર રેડ

અમદાવાદ

મેગા સિટી અમદાવાદના પૂર્વ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ સ્થાનિક પોલીસની કામગીરી સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા કરતી અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરકોટડા પોલીસ સ્ટેશનની હદમાં ચાલતા એક કુખ્યાત અને હાઈપ્રોફાઈલ જુગારધામ પર સ્ટેટ ક્રાઇમ બ્રાન્ચ/પીસીબી (પ્રોહિબિશન ક્રાઇમ બ્રાન્ચ) ની ટીમે સપાટો બોલાવીને ત્રાટકતા સ્થાનિક પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. દિવાળીના પવિત્ર તહેવારો ટાણે જ પીસીબીની આ ધાકડ રેડને કારણે ભ્રષ્ટ અધિકારીઓ અને વહીવટદારોની સાંઠગાંઠનો પર્દાફાશ થઈ ગયો છે. પીસીબીની ટીમને મળેલી ચોક્કસ અને બાતમીના આધારે શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારના એક મકાન કે અડ્ડા પર અચાનક દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસની આ ટીમ અચાનક ત્રાટકતાની સાથે જ જુગારધામમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસ કાફલાએ ચારેય બાજુથી ઘેરાબંધી કરીને નાસી છૂટવાના તમામ રસ્તાઓ બંધ કરી દીધા હતા. આ દરોડા દરમિયાન પોલીસે જુગાર રમી રહેલા કુલ ૨૧ જેટલા જુગારીઓને રંગેહાથ ઝડપી લીધા હતા.

પકડાયેલા શખ્સો પાસેથી જુગારના સાધનો, દાવ પર લાગેલી રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન સહિતનો લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. લોકમુખે ચર્ચાતી અને પોલીસ બેડામાં ભારે ચકચાર જગાવતી માહિતી મુજબ, શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં વહીવટદાર તરીકે ફરજ બજાવતા ભરત નામના કર્મચારીના સીધા ઈશારે અને આશીર્વાદથી આ વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બેફામ બની હતી. આક્ષેપો થઈ રહ્યા છે કે વહીવટદાર ભરતની મિલીભગત અને હફ્તાખોરીના કારણે જ શહેરકોટડા વિસ્તારમાં અનેક જગ્યાએ દેશી તથા વિદેશી દારૂના અડ્ડાઓ અને જુગારધામો ખુલ્લેઆમ ધમધમી રહ્યા હતા. સ્થાનિક પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ અને આ વહીવટદાર આ તમામ ગોરખધંધાથી સારી રીતે વાકેફ હોવા છતાં આંખ આડા કાન કરી રહ્યા હતા અને ગેરકાયદે પ્રવૃત્તિઓને છાવરી રહ્યા હતા.

અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતનો માનવતાવાદી અભિગમ

નારણપુરાના 'જીવન સંધ્યા વૃદ્ધાશ્રમ'માં વડીલો સાથે દિવાળી ઉજવી

અમદાવાદ

રોશની અને ઉલ્લાસના પર્વ દિવાળીની ઉજવણી વચ્ચે અમદાવાદ શહેર પોલીસે માનવતા અને સામાજિક ઉત્તરદાયિત્વનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અમદાવાદ શહેરના મહેરબાન પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત (IPS) સાહેબે પોતાના સહપરિવાર સાથે નારણપુરા સ્થિત 'જીવન સંધ્યા વૃદ્ધાશ્રમ'ની ખાસ મુલાકાત લીધી હતી અને ત્યાં રહેતા વડીલો સાથે તહેવારની ખુશીઓ વહેંચી હતી.



પોલીસ કમિશનરશ્રી અને તેમના પરિવારે વૃદ્ધાશ્રમમાં સમય વિતાવીને ત્યાંના વડીલો સાથે ખૂબ જ આત્મીયતાથી સંવાદ સાધ્યો હતો. તેમણે વડીલોના હાલચાલ પૂછ્યા હતા અને તેમને દિવાળી તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે મોં મીઠું કરાવીને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેનાથી વૃદ્ધાશ્રમનું વાતાવરણ પ્રેમ અને લાગણીસભર બની ગયું હતું. કમિશનરશ્રીને પોતાની વચ્ચે જોઈને વડીલો પણ ભાવવિભોર બન્યા હતા અને તેમણે પોલીસ પરિવારને હૃદયપૂર્વકના આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે પોતાના લાગણીસભર સંદેશમાં પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે: 'દિવાળીની સાચી રોશની માત્ર દીવાઓ પ્રગટાવવાથી નથી આવતી, પરંતુ સમાજના એવા વર્ગ અને વડીલોના જીવનમાં ખુશીઓનો અજવાશ પાથરવાથી થાય છે જેમને આપણી હૂંફની જરૂર છે.' આ મુલાકાત માત્ર એક ઔપચારિક કાર્યક્રમ ન બની રહેતાં અમદાવાદ શહેર પોલીસની 'તમારી સાથે - તમારા માટે'ની ભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરે છે.

મણિનગરમાં રહેણાક બિલ્ડિંગની દુકાન વેચાણે આપી રૂપિયા 1.10 કરોડની ઠગાઈ

બનાવટી NOC અને બોજાવાળી મિલકત પધરાવનારા બિલ્ડર બંધુ સામે મણિનગર પોલીસમાં ગુનો દાખલ

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા મણિનગરમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટો ધડાકો કરતી અને વ્યાપારીઓ સહિત સ્થાનિક રહીશોમાં સનસનાટી મચાવતી કૌભાંડની ઘટના સામે આવી છે. મણિનગર સ્થિત 'તક્ષશિલા ક્રેસ્ટ' નામની રહેણાક બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી એક મૂલ્યવાન દુકાન પર ખાનગી ફાઇનાન્સ કંપનીનો કરોડો રૂપિયાનો બોજો હોવા છતાં, બિલ્ડર બંધુઓએ તમામ તથ્યો છુપાવીને એક વેપારી સાથે રૂ. ૧.૧૦ કરોડની વિશ્વાસઘાત અને ઠગાઈ આચરી છે. આ મામલે મણિનગર પોલીસે બિલ્ડર ભાઈઓ સામે ગુનાહિત કાવતરું, સાક્ષી



દસ્તાવેજોમાં કૂટલેખન અને કરોડોની ચિંતાજનક ઠગાઈનો ગુનો નોંધી સઘન તપાસ હાથ ધરી છે.

મળેલી વિગતો અનુસાર, પિડિત વેપારીએ મણિનગરના તક્ષશિલા ક્રેસ્ટ બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાન ખરીદવા માટે બિલ્ડર બંધુઓ સાથે સોદો નક્કી કર્યો હતો. બિલ્ડરે વેપારીનો વિશ્વાસ જીતવા માટે દુકાન સંપૂર્ણપણે બોજામુક્ત (Clear Title) હોવાનું અને તેના પર કોઈ કાનૂની કે આર્થિક વિવાદ ન હોવાનું ચિત્ર ઊભું કર્યું હતું. વેપારી પાસેથી તબક્કાવાર રૂ. ૧.૧૦ કરોડની માતબર રકમ વસૂલ કરી લેવામાં આવી હતી. આટલું જ નહીં, ખરીદનાર વેપારીને શંકા ન જાય તે માટે બિલ્ડરે ખાનગી ફાઇનાન્સ કંપનીનું બનાવટી એનઓસી (NOC - No Objection Certificate) તૈયાર કરી બોગસ દસ્તાવેજો ઊભા કર્યા હતા અને તેના આધારે પાકો વેચાણ દસ્તાવેજ પણ કરી આપ્યો હતો. આ આખું કૌભાંડ ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે બિલ્ડરે આખી રહેણાક બિલ્ડિંગ અને મિલકત પર ખાનગી ફાઇનાન્સ કંપની પાસેથી લીધેલી પ્રોજેક્ટ લોનના હપ્તા ભરપાઈ કરવામાં નિષ્ફળતા મેળવી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI